RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 2, Year: 69, May, 2022, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

ઋષભ દેવાય નમઃ　　ગચ્છાધિપતિ શૈલેશમુનિને વંદન　　માણેક ગુરુભ્યો નમઃ

# વર્ષીતપ આરાધક


બોટાદ સં. ના અધ્યાત્મ યોગી પંડિત રત્ન પૂ. નવીનચંદ્રજી મહારાજ સાહેબની અસીમ કૃપાથી તેમના સુશિષ્ય પૂ. જયેશમુનિ અને ડૉ. સુપાર્શ્વ મુનિ તથા ઈલાબાઈ ડૉ. નિલાબાઈ તથા સંસારીબેન પૂ. રંજનબાઈ મહાસતીજી ની પ્રેરણાથી ગોંડલ સં. ના પૂ. ધીરગુરૂદેવના આશીર્વચનથી દરિયાપુરી સં. ના પૂ. આચાર્ય ભગવંત વીરેન્દ્ર મુનિ મહારાજની આજ્ઞા લઈને ચંપકગચ્છના પૂ. પારસ મુનિ ના પચ્ચખાણથી તથા ગોપાલ સં. ના પૂજ્ય માસી મહાસતીજી નિવૃત્તિબાઈ મહાસતીજીની અનુમોદનાથી અમારા પુત્રવધુ અ.સૌ. નિધિબેન અમિતભાઈ શાહ, પૌત્રી ચી. રિવા અમિતભાઈ શાહ પૌત્ર નીવ અમિતભાઈ શાહ, અમારી પુત્રી અમિષા અનૂર્વ કામદાર જમાઈ અનૂર્વભાઈ મુકેશભાઈ કામદાર આ પાંચેયે વર્ષીતપની આરાધના કરી રહ્યા છે અને પૂર્ણ કરી રહ્યા છે. તેમની ભૂરી ભૂરી અનુમોદના.



એકાસણા બેયાસણા વર્ષીતપ
નિધિબેન અમિતભાઈ શાહ



એકાસણા વર્ષીતપ
રિવા અમિતભાઈ શાહ
(ઉ. ૧૧)



ત્રિયાસણા વર્ષીતપ
નીવ અમિતભાઈ શાહ
(ઉ. ૬)



પુત્રી અમિષા અનૂર્વભાઈ કામદાર
ઉપવાસ વર્ષીતપ



જમાઈ અનૂર્વભાઈ મુકેશભાઈ કામદાર
એકાસણા વર્ષીતપ

અનુમોદક

પાળિયાદ નિવાસી હાલ ઘાટકોપર માતુશ્રી સ્વ. ચંચળબેન મણિલાલ શાહ પરિવાર ના શુભેચ્છા સાથે

**અ.સૌ. હીનાબેન ગીરીશભાઈ શાહ**

૩૦૧ સિદ્ધિ તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ)

મો. નંબર : ૯૩૨૦૧૧૫૫૩૩ • ૯૯૨૦૩૪૩૭૭૫

અમી ગુરુભ્યો નમઃ　　ચંપાબાઈ ગુરુણીમૈયા નમઃ

Advt.



**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભાના**
**પ્રથમ સેનેટોરિયમના પ્રમુખ દાતાશ્રી**
**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવાર દ્વારા**

# રૂા. ૧૧ લાખ નું અનુદાન





# ગંભીરચંદ ઉમેદચંદ શાહ
# કમળાબેન ગંભીરચંદ શાહ

**લીંબડી નિવાસી હાલ સાયન - મુંબઈ**







સ્વ. શ્રી કાંતિલાલ ડુંગરશી દોશી

સ્વ. શ્રીમતી શારદાબેન કાંતિલાલ દોશી

## લોનાવલા સેનેટોરિયમ નૂતનીકરણના દાતા

# શારદાબેન કાંતિલાલ ડી. દોશી ચેરિટેબલ ટ્રસ્ટ

# શ્રીમતી શારદાબેન તથા
# સ્વ. શ્રી કાંતિલાલ ડુંગરશી દોશી પરિવાર તરફથી

(વઢવાણ)

## રૂા. ૧૧ લાખ નું અનુદાન

**હસ્તે**

શ્રી મધુસુદનભાઈ કાંતિલાલ દોશી
કાશ્મીરાબેન મધુસુદનભાઈ દોશી
સંજયભાઈ કાંતિલાલ દોશી
સ્વાતિબેન સંજયભાઈ દોશી

**પૌત્ર**

મિનેશભાઈ સંજયભાઈ દોશી
શ્રેયસભાઈ સંજયભાઈ દોશી
જયભાઈ મધુસુદનભાઈ દોશી

**પૌત્રવધુ**

ધરાબેન મિનેશભાઈ દોશી
પ્રિયંકાબેન શ્રેયસભાઈ દોશી
હિનાબેન જયભાઈ દોશી

**પૌત્રી** : કિન્નરીબેન સૌરીનભાઈ પારેખ

**પરપૌત્ર** : ટસ્વી મિનેશભાઈ દોશી
આયન શ્રેયસભાઈ દોશી

પુત્રી : રેખાબેન બિહારીલાલ શાહ





# શ્રી ગુણવંતરાય દીપચંદ શાહ

## સભાના ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી દ્વારા

## લોનાવલા સેનેટોરિયમ નૂતનીકરણના દાતા

## રૂા. ૧૧ લાખ નું અનુદાન



ગુણવંતરાય દિપચંદભાઈ શાહ



કોકિલાબેન ગુણવંતરાય શાહ

મૂળ વતન હારીજ - હાલ ચેંબુર

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



# ભારતીબેન કિરીટભાઈ શેઠ

લીંબડી નિવાસી હાલ અંધેરી

## રૂા. ત્રણ લાખ નું અનુદાન





શ્રી કિરીટભાઈ વ્રજલાલ શેઠ

શ્રીમતી ભારતીબેન કિરીટભાઈ શેઠ

---

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



### શ્રીમતી વર્ષાબેન વિરેન્દ્રભાઈ ગાંધી પરિવારનું



## રૂા. ત્રણ લાખ નું અનુદાન



લીંબડી નિવાસી હાલ ઘાટકોપર

### માતુશ્રી કાંતાબેન રસિકલાલ મનસુખલાલ ગાંધીના સ્મરણાર્થે

હસ્તે

શ્રી વિક્રાંતભાઈ તથા તૃપ્તિબેન ગાંધી

શ્રી જીનેન્દ્રભાઈ તથા સીમાબેન ગાંધી

શ્રીમતી નમ્રતાબેન તથા મિતેષભાઈ મહેતા

ઉત્કર્ષ, રિમી, પ્રિયાંશ




શ્રી વિરેન્દ્રભાઈ રસિકલાલ ગાંધી

શ્રીમતી વર્ષાબેન વિરેન્દ્રભાઈ ગાંધી

---

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



સુંદરિયાણા નિવાસી હાલ અંધેરી

### માતુશ્રી પુષ્પાબેન અને પિતાશ્રી પ્રેમચંદ નાગરદાસ ગોસલીયા પરિવાર તરફથી

## રૂા. ત્રણ લાખ નું અનુદાન

હસ્તે અતુલભાઈ, રોહિતભાઈ, બકુલભાઈ અને શીલાબેન



શ્રી પ્રેમચંદ નાગરદાસ ગોસલિયા

શ્રીમતી પુષ્પાબેન પ્રેમચંદ ગોસલિયા

---

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



લીંબડી નિવાસી (હાલ સાયન)

### શ્રી હસમુખલાલ હિંમતલાલ સખીદાસ

## રૂા. ત્રણ લાખ નું અનુદાન

હસ્તે મરઘાબેન હિંમતલાલ સખીદાસ પરિવાર



શ્રી હસમુખલાલ હિંમતલાલ સખીદાસ

શ્રી અશોકભાઈ હિંમતલાલ સખીદાસ

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



લીંબડી નિવાસી હાલ સાયન

## શ્રી વસંતલાલ નાનાલાલ સંઘવી પરિવાર

## રૂા. ત્રણ લાખ નું અનુદાન

પંકજ - જસ્મીન • અતુલ-રીટા • વીરેન-ભાવના



શ્રી વસંતલાલ નાનાલાલ સંઘવી

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



વઢવાણ નિવાસી હાલ વાલકેશ્વર

## શ્રી મહેશભાઈ પોપટલાલ વોરા પરિવાર

## રૂા. ત્રણ લાખ નું અનુદાન



શ્રી મહેશભાઈ પોપટલાલ વોરા

શ્રીમતી પ્રેમાબેન મહેશભાઈ વોરા

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



સુરેન્દ્રનગર નિવાસી (હાલ તારદેવ)

## શ્રી મિનેશભાઈ દેવેન્દ્રભાઈ શાહ

## રૂા. ત્રણ લાખ નું અનુદાન



શ્રી મિનેશભાઈ દેવેન્દ્રભાઈ શાહ

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં






## શારદાબેન જયંતિલાલ તલસાણિયા


## રૂા. ત્રણ લાખ નું અનુદાન



શ્રી જયંતિલાલ તલસાણિયા

શ્રીમતી શારદાબેન જયંતિલાલ તલસાણિયા


Rajesh Bhogilal Vora
Ankit Rajesh Vora
RB
R B JEWELS
Exclusive Gold & Diamond Jewellery
Celebrate Every Day With
Dazzling & Amazing
Exclusive Light Weight Jewellery
Shop No. 3 Nandkuvar, Next to Amba Mata Mandir, Factory Lane, Simpoli, Borivali (W)
Call :- 99303 28090 / 99201 05577 | Email. rbjewels03@gmail.com
Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

મે ૨૦૨૨
વર્ષ : ૬૯ : : અંક : ૨
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# મા

ઈશ્વરે પહેલે દિવસે અજવાસ-અંધકાર છૂટા પાડ્યા
બીજે દિવસે જળ નોખું પાડયું, આકાશ ઊંચે ચડાવ્યું.
ત્રીજે દિવસે જળ ભેગું કરી સમંદર લહેરાવ્યા
ખંડ ખડકમાં, વનસ્પતિ વીંટી
ચોથા દિવસે દિવસ-રાત ઘડ્યા
આકાશમાં ચાંદો, સૂરજ, તારલાઓ ટાંક્યા
પાંચમા દિવસે જળચર, ભૂચર, ખેચરની સૃષ્ટિ સર્જી
છઠ્ઠા દિવસે પોતાની ઈચ્છાએ, પોતાની છાપ મુજબ
નર-નારી રચી પૃથ્વી પર રમતા મૂક્યાં,
ફળો ! ફૂલો ! ના આશીર્વાદ આપી
આખી પૃથ્વી ભોગવટે આપી
ને સાતમા દિવસે રવિવારે ઈશ્વરે થાકી જઈ
રજા રાખી ... એઈને લંબાવ્યું
પણ - મા ને રવિવાર નથી હોતો
રવિવારે તો મા ને વધુ કામ હોય છે
ને હાથ બે જ હોય છે
બપોરે ઝોકું લેવાનોય જંપ નથી તેને
મા ની નિંદર કઢેલા દૂધ જેવી ગાઢી નથી હોતી
મા ની ઊંઘ તા કાગાનિંદર
કશુંક સળવળે, સહેજે કોઈ કણસે, તો ય જાગી જાય
કાયમ ની સોડ તાણતી વખતેય એમ નહિ વિચારે કે
લાવ, જરા ઊઘી લઉ
એ તો ઉતાવળી હશે ફરી જનમવા
મા-ના હાથમાં ઘોડિયાની દોરી હોય છે સતત
આપણી, પછી આપણા છોકરાવની
ને તે પછીય તેના હિંચોળવાના ઓરતા ઓછા નથી હોતા
મા હોય છે સાવ અબુધ
પોતેજ પરણાવ્યા પછીયે યાદ નથી રહેતું
કે દીકરો હવે 'પરણેલો' છે
કાગડો મોભારે નથી બેઠો હોતો
ત્યારે ય મા તો રાહ જોયા કરે છે...

# શાશ્વત

રાધેશ્યામ શર્મા

જીવન અને જગતમાં કોઈ વસ્તુ યા વ્યક્તિ એવી છે કે જેને નિત્ય કહી શકાય ? કાયમ ટકી રહે એવું અહીં શું હશે ?

શાશ્વત એને કહેવાય જે સનાતન હોય. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એ ત્રણે કાળનો પ્રભાવ જેને સ્પર્શી ન શકે એને શાશ્વત કહી શકાય.



સંસ્કૃત ભાષામાં 'જીવન' શબ્દનો અર્થ જળ પણ થાય છે. જીવનનો મુખ્ય અર્થ જિન્દગી પણ એનો અન્ય અર્થ જળ થાય છે.

શાશ્વત તત્ત્વોમાં પૃથ્વી, વાયુ, આકાશ, અગ્નિની સાથે જળ કહેતાં જીવનનો ઉલ્લેખ છે. જળ જેમાં સતત વહ્યા કરે એવી સરિતા વિશે ચિન્તકોનું દૃઢ વિધાન છે કે એકની એક નદીના નીરમાં તમે બીજી વાર કદાપિ નાહ્યા નથી અને નાહવાના પણ નથી ! ત્યારે પ્રશ્ન થાય કે આવું કેમ કહ્યું હશે કે એની એ સરિતામાં તમે બીજી વાર નાહી ન શકો.

એનો અર્થ એ કે જીવનરૂપી જળ તો અવિરત વહ્યા જ કરે છે. તમે સ્નાન કરતા હો છો ત્યારે પણ નદીનાં નીર તો દોડ્યા જ કરે છે ! બીજી વાર નાહવાની તો વાત જ જવા દો, પ્રથમ વાર નાહતા હો ત્યારે પણ જીવનજળ તો સંસારની જેમ સરક્યા જ કરે છે.

સંસારરૂપી સરિતાના જળનું પણ એવું જ છે. સતત પ્રવાહ એનું નામ જીવન. રાજા કે રંક માટે તે થોભે નહીં, રાહ પણ ન જુએ. આ ઉપરથી સાબિત થાય કે પાણીની પેઠે પંચમહાભૂત તત્ત્વો પણ નિત્ય નથી, શાશ્વત નથી. પૃથ્વી શાશ્વત હોત તો છૂટી થઈ નીચે ન પડી હોત. જળની ગતિ છે પણ સનાતન સ્થિતિ નથી. અગ્નિ સળગે છે અને ઓલવાય પણ છે. વાયુ દિશાઓ બદલતો લાગ્યા કરે છે પણ સદૈવ સ્થિર અને શાશ્વત નથી.

શાશ્વતનો આભાસ આપી શકે એવું કોઈ તત્ત્વ હોય તો તે અવકાશ છે, આકાશ છે, સ્પેસ છે. પરંતુ જેને આપણે સદા સુસ્થિર અને શાશ્વત ધારી લઈએ તે આકાશના પર્યાય જેવાં વાદળાં વાયુના ધક્કાથી આઘાંપાછાં થતાં રહે છે એટલે એને શાશ્વત માનવાનું મન ન થાય.

હવે જગતનું ભૌતિક સ્વરૂપ તો પંચમહાભૂતોથી ઘડાયું હોઈ એને શાશ્વત કહેવાની ભૂલ કેટલા કરે ? તો પ્રશ્ન ઊભો જ રહ્યો કે જો જીવન શાશ્વત નથી, જગત શાશ્વત નથી તો સાચું સનાતન તત્ત્વ કયું હોય ?

હવે પ્રાણધારકોમાં સર્વોપરી મનુષ્યની વાત વિચારીએ તો તરત જ ખ્યાલ આવશે કે માણસમાત્રનું શરીર શાશ્વત નથી. જન્મ્યો તેનું મરણ નક્કી છે. સ્મશાન કે કબ્રસ્તાન તરફની ગતિ જન્મધારી સૌની નિશ્ચિત છે !

મનુજનું મન અને ચિત્ત એટલું તો ચલાયમાન અને ચંચળ છે કે એની અશાશ્વતતા તેમ જ અસ્થિરતા સર્વવિદિત છે. પછી માનવવાણીનો વિચાર કરો તો એમાં એટલા બધા વિરોધાભાસો અને વદતોવ્યાઘાતો ખડા થઈ જાય છે કે શબ્દને બ્રહ્મ માનવા કરતાં શબ્દને ભ્રમ કહેવું વધુ યોગ્ય લાગે !

તો શાશ્વત કોને કહેવું ? એનો જ્ઞાનીજનોએ સ્વાનુભવથી ઉત્તર આપ્યો છે કે તે એ છે જે ત્રણે કાળની પાર છે, જે પંચ ઈન્દ્રિયના આધારે નથી, મનસાતીત છે અને સર્વવ્યાપક છે એ સત્ જ સત્ય છે અને શાશ્વત છે. સત્ સનાતન અસ્તિત્વ છે, ચિત્ જ્ઞાનાનુભવ છે અને આનંદ એના અણુએ અણુમાં વ્યાપી વળેલો છે. એવું સચ્ચિદાનંદ તત્ત્વ જેની આત્મલક્ષી પ્રતીતિમાં પ્રતિષ્ઠિત થાય એને 'શાશ્વત'નું વિશેષણ શોભે...

શાશ્વતનું પ્રધાન લક્ષણ છે એની સનાતનતા. સનાતનતા કેવી કે ભૂત-ભવિષ્ય કે વર્તમાન ગણાયેલા સમયકાળની કોઈ પણ સીમાથી બંધાયેલી નથી. જે પૂર્વે હતું, સાંપ્રતમાં જે છે અને ભવિષ્યકાળમાં પણ જે રહેવાનું એની સ્થિરતા વિશે શું કહેવાનું ?

ગતિનો અને ગતિશીલતાનો મહિમા આ જેરાયુગમાં ઘણો થઈ રહ્યો છે પણ જે ગતિને લક્ષ્ય નથી, મંઝિલ નથી એ આંધળા લોકોની દિશા-દર્શન વગરની પાગલ દોડ જ પુરવાર થશે ! સ્પીડને પણ સ્પીડ-બ્રેકરની અપેક્ષા રહે જ - જેમ ભાગતાં જતાં વાહનોને ટ્રાફિક-સિગ્નલની જરૂર પડવાની !

અમર્યાદ ગતિને નિયંત્રણના ગીતમાં પલટી શકે એ તત્ત્વ શાશ્વત છે.

❖❖❖

# બુદ્ધનું મહાભિનિષ્ક્રમણ અને યશોધરા

જ્યોતિબેન થાનકી

'કુમાર, મને લહાણી નહીં આપો ? શું મારે ખાલી હાથે જ પાછાં ફરવું પડશે ? હું એમને એમ જ નથી આવી. મને પણ આમંત્રણ મળ્યું હતું.'

'તમારું અપમાન કરવા માટે કંઈ અહીં તમને બોલાવ્યાં નથી. તમને જરૂર લહાણી મળશે, પણ તમે મોડાં આવ્યાં એટલે લહાણીની વસ્તુઓ પૂરી થઈ ગઈ. પણ લો. તમને હું આ સુવર્ણથી ભરેલું પાત્ર આપું છું અને વધારામાં મારી આ સ્વર્ણિમ અંગૂઠી' એમ કહી કુમાર પોતાની અંગૂઠી કાઢવા જતા હતા, ત્યાં એ લાવણ્યમયી સ્વરૂપવાન યુવતીનો મધુર કંઠ રણકી ઊઠ્યો. 'રહેવા દો, કુમાર, અંગૂઠી તો આપની જ કરાંગુલીમાં શોભે. મને મારી લહાણી મળી ગઈ' કહીને એ સુંદર રાજકુમારી ધીમે ધીમે ચાલવા લાગી અને કુમાર મનોમન બોલી ઊઠ્યા : ઓહ સૌંદર્ય, શીલ અને સંસ્કારિતાનો કેવો સુભગ સમન્વય !' ત્યારે રાજકુમારી વિચારી રહી હતી કે 'કેવી બાલ સહજ નિર્દોષતા અને પ્રેમાળ આંખો !'

આ રાજકુમાર હતા, કપિલવસ્તુના રાજા શુદ્ધોધનના પુત્ર સિદ્ધાર્થ અને રાજકુમારી હતી કલિદેશના રાજા દંડપાણિની પુત્રી ગોપા. શુદ્ધોધન રાજાએ કુમારિકા ઉત્સવનું આયોજન કર્યું હતું. તેમાં તેમણે આસપાસના પ્રદેશના રાજાઓની કન્યાઓને આમંત્રણ આપી બોલાવી હતી. રાજકુમાર સિદ્ધાર્થના હાથે આ રાજકુમારીઓને કીમતી ભેટસોગાદ આપવાની હતી. બધી રાજકન્યાઓને કુમાર સિદ્ધાર્થે કીમતી ચીજવસ્તુઓની ભેટ આપી અને એમાં ગોપાને તો સહુથી વિશિષ્ટ ભેટ મળી !

'બેટા, આટલી રાજકન્યાઓને તેં લહાણી આપી તેમાં કોઈ તને પસંદ પડી ખરી ?' એક દિવસ રાજા શુદ્ધોધને ચિંતિત સ્વરે પુત્રને પૂછ્યું. રાજા સિદ્ધાર્થની બાબતમાં હંમેશાં ચિંતિત રહેતા, કેમ કે તેના જન્મ સમયે જ્યોતિષીએ આગાહી કરી હતી કે આ બાળક કાં તો ચક્રવર્તી રાજા થશે અને નહીંતર મહાતપસ્વી સંન્યાસી થશે. તે દિવસથી જ રાજા કુમારના ઉછેરમાં ખાસ તકેદારી રાખી રહ્યા હતા કે તેનામાં રાજવી ગુણોનો જ વિકાસ થાય. પણ કુમાર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેનામાં દયા, પ્રેમ, કરુણા, ત્યાગ વગેરે ગુણો સહજપણે વિકસતા રહ્યા. આથી તેમણે રાજકુમારીઓનો લહાણી ઉત્સવ યોજ્યો હતો. તેની પાછળનો આશય તો એ જ હતો કે સિદ્ધાર્થ વિવિધ પ્રદેશની રાજકુમારીઓને મળે, તેમની સાથે વાતચીત કરે, અને જો તેમાંની કોઈ પસંદ પડે તો તેને લગ્નના બંધનમાં બાંધી દઈ શકાય. આથી જ તેઓ પુત્રની વાત સાંભળવા અધીર બની ગયા હતા.

સિદ્ધાર્થે કંઈક વિચારીને કહ્યું : 'બધામાં મને કલિદેશની રાજકુમારી ગોપા વિશિષ્ટ જણાઈ.'

'કઈ રીતે ?' પિતાએ પુત્રનો અભિપ્રાય જાણવા પૂછ્યું.

'તેના હૃદયની પારદર્શકતા અને તેનાં વર્તનમાંથી પ્રગટતું અભિજાત્ય તેને બધાં કરતાં અલગ પાડી રહ્યું હતું.'

'ઓહ, તો તો તે કપિલવસ્તુની રાજવધૂ બનવાની પાત્રતા ધરાવે છે.'

આમ કહીને પિતાએ પુત્રના મનની વાત જાણી લીધી કે સિદ્ધાર્થને ગોપા પસંદ છે અને તુરંત જ રાજપુરોહિતને કલિદેશમાં રાજા દંડપાણિને ત્યાં ગોપાનું માગું લઈને મોકલ્યાં. રાજા શુદ્ધોધન આ બાબતમાં હવે જરાપણ વિલંબ કરવા ઈચ્છતા નહોતા. તેમણે તો મનોમન ભવ્ય લગ્ન સમારંભની યોજના પણ વિચારી લીધી.

રાજપુરોહિતે આવીને દંડપાણિનો સંદેશ આપતાં કહ્યું : 'મહારાજ, દંડપાણિ કહે છે કે, 'કપિલવસ્તુની પુત્રવધૂ બનવાનું સૌભાગ્ય મારી પુત્રીને સાંપડે એ તો અમારા માટે ઘણા જ ગૌરવની બાબત છે. રાજકુમારી સિદ્ધાર્થ ઘણાં જ સુંદર, સુશીલ અને વિનમ્ર છે. પણ મેં એવું સાંભળ્યું છે કે તેઓ વધુ પડતા ચિંતક અને વિચારશીલ છે. ક્ષત્રિયપુત્રને શોભે એવાં શૌર્ય, પરાક્રમ અને અસ્ત્રશસ્ત્ર વિદ્યાની નિપુણતા તેમનામાં નથી. આથી રાજા શુદ્ધોધનને કહેજો કે મારી ગોપા તો ક્ષત્રિયના ગુણોથી સંપન્ન વીર રાજકુમારને જ વરશે.'

રાજા શુદ્ધોધનને ભારે આંચકો લાગ્યો ! દંડપાણિ જેવા સામાન્ય રાજાએ તેમની માગણીને ઠુકરાવી દીધી ! તેઓ ભારે દુ:ખ અનુભવી રહ્યા.

ત્યાં રાજપુરોહિતે આગળ કહ્યું : 'તે સમયે અંત:પુરમાં રાજકુમારી ગોપા અને તેમની માતા પણ ઉપસ્થિત હતાં. પિતાની વાત સાંભળીને શાણી પુત્રીએ બાજી સંભાળી લીધી ને કહ્યું : 'પિતાજી, કુમાર સિદ્ધાર્થના ક્ષાત્રતેજની કસોટી યોજીએ અને જોઈએ તો ખરા કે આપણે સાંભળેલી વાત કેટલે અંશે સાચી છે ?'' પુત્રીની વાતનો સ્વીકાર કરીને રાજા દંડપાણિએ સંદેશો કહેવડાવ્યો છે કે જો કુમાર સિદ્ધાર્થ ક્ષત્રિયોચિત ગુણોની પરીક્ષામાંથી પસાર થાય તો ગોપાનો સંબંધ શક્ય છે.'

આ સાંભળીને રાજા શુદ્ધોધન ભારે

વિમાસણમાં પડી ગયા. તેઓ કુમારના હૃદયને જાણતા હતા કે શિકાર કરવા જાય તો શિકારને બદલે હરણાંને પંપાળવા લાગતા. બીજાનું દુઃખ જોઈ દ્રવી જતા. આવા પુત્રને ક્ષત્રિયત્વની કસોટીમાંથી પસાર થવા માટે કલિદેશમાં મોકલવામાંય જોખમ હતું. એટલે તેઓ ચિંતાતુર હતા, પણ જ્યારે સિદ્ધાર્થને આ વાતની જાણ થઈ ત્યારે તેણે કહ્યું : 'અરે, પિતાજી ચિંતા ન કરો, આ તો મારી સામે પડકાર છે. હું બધી જ કસોટીઓ પાર કરીશ. અસ્ત્રશસ્ત્રની સઘળી તાલીમ તો લીધેલી જ છે.' અને કુમાર સિદ્ધાર્થે રાજા દંડપાણિએ તેમની અસ્ત્રશસ્ત્ર વિદ્યાની જે જે પરીક્ષા લીધી એ બધામાં શ્રેષ્ઠતા સાબિત કરી આપી. ત્યારે દંડપાણિએ હર્ષભેર આલિંગન આપતાં કહ્યું : 'કુમાર, ક્ષત્રિયોને છાજે એવું શૌર્ય તમારામાં છે જ. તમારા હાથમાં ગોપાનો હાથ સોંપીને હવે હું નિશ્ચિંત બનીશ.'

પછી તો રાજા શુદ્ધોધને ભારે ધામધૂમથી લગ્ન કરાવ્યાં અને ગોપા કપિલવસ્તુની પુત્રવધૂ બની રાજમહેલમાં આવી. સિદ્ધાર્થને પામીને ગોપા પોતે ધન્યતા અનુભવી રહી હતી. પોતાના આંતરિક ગુણોથી તેણે સિદ્ધાર્થની જ નહીં પણ રાજા શુદ્ધોધન અને મહારાણી ગૌતમીની પ્રીતિ પણ સંપાદન કરી લીધી હતી. હવે રાજા શુદ્ધોધનના મનમાં રહેલો પેલી ભવિષ્યવાણીનો ભય દૂર થવા લાગ્યો હતો કે ગોપા જેવી સુચારુ અને સુશીલ ભાર્યાને છોડીને હવે કુમાર સાધુ થઈ શકશે નહીં એવું તેઓ માનવા લાગ્યા હતા અને તે સ્વાભાવિક જ હતું, કેમ કે બંનેની પરસ્પર ગાઢ પ્રીતિ હતી. છતાં પણ રાજાએ તેમને આનંદપ્રમોદથી રહેવા માટે ઋતુ ઋતુના જુદા જુદા ભવ્ય મહેલો બનાવી આપ્યા હતા. આ મહેલોમાં રંગ-રાગ, આનંદપ્રમોદનું જ વાતાવરણ સર્જાયેલું રહેતું. આવા ભરપૂર આનંદમાં સિદ્ધાર્થ અને ગોપાના દિવસો ઝડપથી પસાર થઈ રહ્યા હતા. લગભગ એક દાયકા જેટલો સમય આનંદની પાંખે ઊડી ગયો !

એક વહેલી સવારે સિદ્ધાર્થે નિદ્રામાં જ કોઈ ભજનિકનું ગીત સાંભળ્યું. એમની ઊંઘ ઊડી ગઈ. અને એમના કાને ગીતના સ્પષ્ટ શબ્દો સંભળાયા. એનો અર્થ હતો કે, 'આ સંસારમાં કંઈ જ નિત્ય નથી, બધાંની પાછળ કાળ લાગી રહેલો છે.' આ શબ્દો એમના હૃદયમાં સીધા ઊતરી ગયા. જાણે કે તેમની આંતરચેતનાને આ શબ્દોએ ઢંઢોળી. તેઓ આના ઉપર ચિંતન કરવા લાગ્યા. હવે મહેલના રંગરાગમાં એમને અનિત્યતાનો અનુભવ થવા લાગ્યો. અને એક દિવસ રથમાં બેસીને નગરચર્યા જોવા નીકળ્યા. તેમણે જર્જરિત દેહવાળો વૃદ્ધ, રોગથી પીડાતો રોગી અને શબને જોયાં. તેમને માનવજીવનની અનિત્યતાનું સ્પષ્ટ દર્શન થયું. પછી અનિત્યને છોડીને નિત્યની શોધમાં નીકળેલા એક સંન્યાસીનું પણ દર્શન કર્યું. એ પછી તો એમની સઘળી વિચારધારા જ બદલાઈ ગઈ. એમનું અંતર હવે સત્ય શું છે, એની પ્રાપ્તિ કરવા ઝંખવા લાગ્યું.

પતિની વિચારધારામાં આવેલાં પરિવર્તનોથી ગોપા અજાણ નહોતી. કુમારને ઊંડા ચિંતનમાં ડૂબેલા જોઈને તે ચિંતિત બની જતી. પરંતુ એની ચિંતા ટળે એવો સુઅવસર તેને સાંપડ્યો. તે ગર્ભવતી બની. તેને થયું કે નવજાત શિશુના આગમનથી કુમારનું મન સંસારમાં રસ લેતું જરૂર થઈ જશે. આ ઉજ્જ્વળ આશામાં તેના દિવસો આનંદમાં વીતવા લાગ્યા.

એક રાત્રે તે એકદમ ઝબકીને જાગી ગઈ અને વિહ્વળ બની રડવા લાગી. ત્યારે સિદ્ધાર્થે જાગીને પૂછ્યું : 'પ્રિયે શું થયું ? તબિયત તો બરાબર છે ને ?' ઉત્તરમાં રુદન વધારે ઘેરું બન્યું. સિદ્ધાર્થે ખૂબ સાંત્વના આપી. સ્વસ્થ કરી. ફરી પૂછ્યું. 'એવી તો કઈ ઘટના બની છે કે જેણે મારી ગોપાને આટલી અસ્વસ્થ કરી મૂકી ?' સિદ્ધાર્થના પ્રેમાળ સ્પર્શ અને પ્રેમાળ શબ્દોથી માંડ માંડ સ્વસ્થ બની તે બોલી : 'સ્વામી, આજે તો મને ઉપરાઉપરી વિચિત્ર સ્વપ્નો આવ્યાં : તેમાં પહેલા સ્વપ્નમાં એક ધોળો હાથી, પોતાની મદમસ્ત ચાલે નગરના દરવાજા તરફ જઈ રહ્યો હતો. ત્યાં ઈન્દ્રના મંદિરમાંથી અવાજ આવ્યો કે તેને રોકો, નગરમાં પ્રવેશશે તો નગરની કીર્તિ ચાલી જશે, પણ એને કોઈ રોકી શક્યું નહીં. એટલે પછી હું એ આખલાને વળગી પડી, અને મેં નગરના દરવાજા બંધ કરવા આદેશ આપ્યો. પણ મને હડસેલીને આખલો નગરનો બંધ દરવાજો તોડીને અંદર પ્રવેશી જ ગયો ! આ સ્વપ્ન પૂરું થઈ ગયું. એ પછી બીજું સ્વપ્ન આવ્યું. એમા મેં ચાર દિવ્ય સ્વરૂપોને અસંખ્ય ગણોની સાથે આકાશમાંથી ઊતરીને નગરમાં પ્રવેશતાં જોયાં. અને એ જ ક્ષણે ઈન્દ્રલોકના દરવાજાની સ્વર્ણિમ ધ્વજ ફડફડીને નીચે પડી ગઈ ને ત્યાં એક બીજી ધ્વજા પ્રગટ થઈ. એ ધ્વજામાં રૂપાના તારથી ગૂંથેલાં માણેકો હતાં. તેનાં કિરણોથી વાક્યો સર્જાયાં. સૂર્યોદય થતાં બધાને એનો અર્થ સ્પષ્ટ થયો એથી બધાં પ્રાણીઓ ખૂબ આનંદિત થયાં અને પછી આકાશમાંથી અદ્ભુત પુષ્પવૃષ્ટિ થઈ ?'

'આ તો ઘણું જ સુચક સ્વપ્ન છે, એમાં ભયભીત થવાની વાત ક્યાં આવી ?' સિદ્ધાર્થે કહ્યું.

'હજુ આગળ સાંભળો. આ સ્વપ્નાઓથી હું સ્વપ્નમાં જ ભય અનુભવી

રહી હતી. આથી હું આપના હૂંફાળા આશ્લેષમાં રક્ષણ મેળવવા ઈચ્છતી હતી, પણ મેં જોયું તો આપ પથારીમાં નહોતા. ત્યાં માત્ર આપનો ઝભ્ભો જ પડેલો હતો ! આથી વ્યાકુળ બનીને હું સ્વપ્નમાં જ ઊભી થઈ ત્યાં તો આપે પહેરાવેલી માળા સર્પ બની ગઈ ને મારાં કંકણો હાથમાંથી સરી પડ્યાં. કેશમાં ગૂંથેલાં જૂઈનાં પુષ્પો રજકણ બની ગયાં અને મારી શય્યા જમીનમાં ડૂબી ગઈ. ત્યાં પેલા ધોળા વૃષભનો અવાજ ફરી સંભળાયો ને પેલી ધ્વજા ફરફરવા લાગી અને સ્પષ્ટ શબ્દો સંભળાયા : 'એ વેળા આવી ગઈ છે !' 'ત્યાં હું જાગી ગઈ,' આટલું બોલતાં તો તે હાંફવા લાગી અને ફરી રડવા લાગી.



સિદ્ધાર્થે તેના વાંસામાં હાથ પસવારતાં કહ્યું : 'અરે પ્રિયે, આ તો માત્ર સ્વપ્ન છે. સ્વપ્નથી કંઈ ભય પમાય ? તું તો મારો પ્રાણ છો. મારું જીવન છો. હા, સમગ્ર જીવોનાં દુઃખ જોઈને મારું હૃદય એ દુઃખમુક્તિનો ઉપાય શોધવા હવે તત્પર બન્યું છે, પણ મારાં એ કાર્યમાં પણ તું મારી શક્તિ છો. મારો આધાર છો. તું તો મારી સાથે સદાકાળ જોડાયેલી છો. તું તો ગમે તેવાં તોફાનોની સામે અડગ ઊભી શકે તેટલી સમર્થ છો, ને આવાં એક દુઃસ્વપ્નથી તું ક્ષુબ્ધ બની ગઈ ? આવી ભીરુતા તને ન પાલવે.' આમ ગોપાને હિંમત આપી. આશ્વસ્ત કરી. પણ ગોપાના સ્વપ્નનો સંકેત સાચો જ હતો કે હવે વેળા આવી ગઈ છે. એ પછી થોડા જ દિવસમાં ગોપાએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. પુત્રજન્મની ખુશાલીમાં રાજ્યમાં ભારે ઉત્સવ ઊજવાયો. સર્વત્ર આનંદ-ઉલ્લાસનું વાતાવરણ છવાઈ ગયું, પણ કુમાર સિદ્ધાર્થના હૃદયમાં તુમુલ યુદ્ધ ચાલી રહ્યું હતું. શું આવો સુકુમાર પુત્ર પણ મૃત્યુને આધીન છે ? મારી આવી સુંદર ગોપા પણ વૃદ્ધ થઈ મરી જશે ? આ બધા પ્રશ્નો એમના આંતરમનમાં સતત ચાલી રહ્યા હતા. અંતરમાં અવિરત થતું રહેતું કે મારે આ દુઃખોનો ઉપાય શોધવો જ રહ્યો. એમાં પુત્રજન્મ એમને બંધનરૂપ લાગતાં એમણે પુત્રનું નામ જ રાહુલ આપ્યું.

હજુ તો આ નવજાત બાળકે પૂરી આંખ પણ ખોલી ન હતી. એના જન્મનો સાતમો દિવસ હતો. તે રાત્રિએ સિદ્ધાર્થે નિદ્રાધીન ગોપા અને નવજાત બાળકને છોડીને જગતના કલ્યાણ માટે, દુઃખમુક્તિનો ઉપાય શોધવા માટે મહાભિનિષ્ક્રમણ કર્યું. જતાં જતાં નવજાત બાળકને સ્પર્શવાની તીવ્ર ઈચ્છા થઈ, પણ ગોપાનો એક હાથ બાળક પર હતો. આથી બાળકને સ્પર્શતાં રખેને ગોપા જાગી જાય તો ! આથી એ ઈચ્છાને પણ તેમણે ત્યજી દીધી. ગોપા પણ તેમની પ્રાણપ્રિય સખી અને સહધર્મિણી હતી. તેને ત્યજતાં પણ ભારે દુઃખ થયું. તેઓ ત્રણ વખત બહાર ગયા ને ફરી પાછા આવી નિદ્રાધીન ગોપા અને બાલ રાહુલને નીરખતા જ રહ્યા, પણ ચોથી વખત જ્ઞાનદૃષ્ટિ જાગૃત કરી માયાનાં બંધનોને એક ક્ષણમાં ફગાવીને તેઓ બહાર નીકળી જ ગયા !

બીજે દિવસે સમગ્ર શહેરમાં અને આજુબાજુના પ્રદેશોમાં ભારે શોધ કરવા છતાં કુમારની ક્યાંયથી ભાળ ન મળી. સાત જ દિવસના બાળપુત્રને, પોતાને અને સમગ્ર રાજવૈભવને છોડીને જગતકલ્યાણનો માર્ગ શોધવા માટે કુમાર તપસ્યા કરવા ચાલી નીકળ્યા છે, એ વાત ગોપા પોતાના અંતર દ્વારા જાણી ચૂકી, પણ છતાં આ વાસ્તવિકતાનો સ્વીકાર કરવા તેનું મન તૈયાર નહોતું. તેનું હૃદય વ્યાકુળ બની આક્રંદ કરી ઊઠતું, અને મનમાં વારંવાર એક પ્રશ્ન ઉદ્ભવતો હતો કે, 'કુમાર શા માટે મને ઊંઘતી મૂકીને ચાલ્યા ગયા ? શું હું એમના મહાન કાર્યમાં બાધા રૂપ હતી ? એમના હૃદયમંથનની તો હું સાક્ષી હતી, અત્યારે આ વેળાએ તેઓ મને અને આ સાત દિવસના બાળકને મૂકીને કેમ ચાલ્યા ગયા ? મારા ખોળામાં એમનો આ વારસદાર છે, નહીંતર હું પણ એમની સાથે ચાલી નીકળત ! ના, એમનાં કાર્યોમાં, વિચારોમાં, ચિંતનોમાં, હું ક્યારેય અવરોધરૂપ બની નથી, અને હજુ પણ, તેમની તપસ્યાના માર્ગમાં હું અવરોધરૂપ નહીં પણ સહાયરૂપ બનીશ. ભલે તેમને તપસ્યા કરવા વનમાં જવું પડ્યું, તો હું મહેલમાં રહીને તપસ્યા કરીશ.' આમ પોતાના અંતરમાંથી બળ મેળવીને ગોપાએ આંખમાં ધસી આવતાં આંસુઓને હૃદયમાં

જ ધરબી દીધાં અને મક્કમ નિર્ધાર કરી બાલ રાહુલને છાતીસરસો ચાંપી બોલી : 'બેટા હવે તો તું જ મારો આધાર છે !'

એ જ ક્ષણથી ગોપાએ પોતાનાં સુંદર વસ્ત્રાલંકારોને ત્યજી દીધાં. સુંદર ભોજન અને સ્વાદિષ્ટ પદાર્થો ખાવાનાં છોડી દીધાં. સુંવાળી શય્યાને ત્યજી દીધી અને તપસ્વિનીનું કઠોર જીવન અંગીકાર કરી લીધું. આ જોઈને મહારાણી ગૌતમીએ તેને સમજાવતાં કહ્યું : 'બેટા, તું રાજ્યની કુળવધૂ છો. રાજપુત્રની માતા છો. તારું આવું કઠોર જીવન અમારાથી જોઈ શકાતું નથી.' ગૌતમના પિતાજી પણ કહે છે કે, 'આવાં આકરાં વ્રતનિયમોથી તારી જાતને વધુ દુઃખી ન કર. આ બાળપુત્રને ખાતર પણ તું આવી ઉગ્ર તપશ્ચર્યા છોડી દે.'

'મા, જ્યારે આ રાજપ્રસાદમાં આવી ત્યારે આપે જ તો મને પતિવ્રતાનો ધર્મ શીખવ્યો હતો. જો કુમાર સર્વસ્વનો ત્યાગ કરી તપસ્યા કરી રહ્યા છે, અને મારું તો સર્વસ્વ એમની સાથે એકાકાર થઈ ગયેલું છે, તો હું હવે કેવી રીતે સુખોપભોગ માણી શકું ? હવે તો મારો ધર્મ જ બદલાઈ ગયો છે. આપ મને આશીર્વાદ આપો કે હું મારા ધર્મમાંથી ક્યારેય ચલિત ન થાઉં.' ગોપાને સમજાવવા આવેલાં મહારાણી ગૌતમી પણ સંયમનો પાઠ શીખીને પાછાં ફર્યાં.

હવે ગોપાનું સંપૂર્ણ ધ્યાન રાહુલમાં હતું. તેમ છતાં બાળપુત્રને જોતાં જોતાં તે સ્થિર થઈ જતી અને તેમાં તેને ધ્યાનમાં ડૂબેલા કુમારનું મુખ દેખાવા લાગતું. અર્ધી રાત્રે ઝબકીને જાગી જતી ત્યારેય તેનું મન તપશ્ચર્યારત તેના સ્વામી પાસે પહોંચી જતું. તેને સમાચાર મળ્યા કે રાજગૃહીની પાસેના વનમાં કુમાર ઘોર તપશ્ચર્યા કરી રહ્યો છે. એક વાર ત્યાં જઈને એમના દર્શન કરવાની તીવ્રતમ ઈચ્છા જાગી ઊઠી. પણ તેના માટે



ત્યાં જવું અશક્ય જ હતું. આથી મનોમન પ્રાર્થના કરતી રહી કે દેવોની કૃપાથી કુમારને જલદી સિદ્ધિ સાંપડે અને એક વખત તેમનાં જરૂર દર્શન થાય. આમ તેના તપશ્ચર્યાપૂર્ણ દિવસો પણ પસાર થતાં રહ્યા અને બાળપુત્ર પણ મોટો થવા લાગ્યો.

એક દિવસ ગોપા નદીકિનારે બેઠી બેઠી રાહુલની બાળરમતો જોઈ રહી હતી. ત્યાં આકાશમાં ઊડી રહેલાં પક્ષીઓ પર તેની દૃષ્ટિ પડી અને તે પક્ષીઓને ઉદેશીને કહેવા લાગી, 'ઓ ગગનવિહારી પક્ષીઓ, તમે તો આકાશમાં ઊડીને સર્વત્ર વિહરો છો. જો ક્યારેય તમે મારા સ્વામીને જુઓ તો મારા પ્રણામ પાઠવશો અને કહેજો કે તમારા મુખેથી શબ્દ સાંભળવા અને એક ક્ષણ તમારો સ્પર્શ પામવા માટે જ તમારી આ દાસી જીવી રહી છે.' ત્યાં તો દાસી દોડતી આવી ને શ્વાસભેર બોલી : 'નાના રાણીબા, રાજકુમારજીના સમાચાર લઈને બે વણિકપુત્રો આવ્યા છે. આપને મહેલમાં બોલાવે છે.' રાહુલને લઈને તે ઝડપથી પોતાના મહેલમાં આવી ત્યારે તેણે એ વ્યાપારીઓના મુખે સાંભળ્યું કે ગયા પાસેના ગાઢ વનમાં રાજકુમારજીએ ઘોર તપશ્ચર્યા કરી. આખરે ગયા પાસે એક વૃક્ષની નીચે એમને જ્ઞાન પ્રાપ્ત થયું, અને તેઓ બુદ્ધ બની, હવે અસંખ્ય લોકોને સત્યમય જીવનનો ઉપદેશ આપતા આવી પહોંચ્યા છે.' આ સમાચાર સાંભળી ગોપાનું રોમેરોમ પુલકિત થઈ ઊઠ્યું. તેણે આ વ્યાપારી પુત્રોને રત્નો આપી રાજી કર્યા અને બાલ રાહુલને કહેવા લાગી : 'બેટા, તારા પિતાજી બુદ્ધ બનીને આવી રહ્યા છે ! તું કેટલો ભાગ્યશાળી છે !'

'મા, હું પણ પિતાજી સાથે જઈશ, ને તને પણ સાથે લઈ જઈશ.' આઠેક વર્ષનો એ બાળક ઉત્સાહપૂર્વક બોલી ઊઠયો ત્યારે મનોમન ગોપા બોલી ઊઠી, 'બેટા એ એટલું સહેલું નથી !'

બીજે જ દિવસે કપિલવસ્તુની શેરીઓમાં ફરતા બુદ્ધને જોવા નગરજનો ઊમટી પડ્યા. ત્યાં સમાચાર મળ્યા કે બુદ્ધદેવ રાજપ્રાસાદ તરફ આવી રહ્યા છે. તેમને સત્કારવા મહેલમાં ભારે હલચલ મચી રહી છે. અને ગોપાના હૃદયમાં પણ ક્યાં ઓછી હલચલ મચી હતી ? પણ તે કોઈ જાણતું નહોતું. પોતાના પ્રાણપ્રિય સ્વામીના દર્શન કરવા તે આતુર બની ગઈ હતી. તેનું હૈયું હાથ ન રહ્યું. તે મહેલની અટારીએ ચઢી ગઈ અને ત્યાંથી તેણે પોતાના સ્વામીને દૂરથી જોયા ! હવે ક્યાં હતા એ રેશમી વાળના જુલફાવાળા, સુંદર વસ્ત્રાલંકારોથી શોભતા, સુગઠિત દેહયષ્ટિથી સૌદર્યના મૂર્તિમંત સ્વરૂપ એવા કુમાર સિદ્ધાર્થ ? તેને સ્થાને તો હતા મુંડિત મસ્તક, પાતળી દેહયષ્ટિ, ભગવાં વસ્ત્ર, હાથમાં ભિક્ષાપાત્ર અને ઉઘાડા પગ લઈને ચાલ્યા આવતાં સંન્યાસી ! આ દૃશ્ય તે જોઈ ન શકી. તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. આ ક્ષણ માટે તો તેણે વરસો સુધી તપશ્ચર્યા કરી હતી. પોતાની જાતને અનેક વાર તૈયાર તૈયાર

પણ કરી હતી. મનોમન તે આ દૃશ્યમાંથી કેટલીય વાર પસાર પણ થઈ હતી, પણ જ્યારે વાસ્તવિકતા સામે આવી ઊભી રહી ત્યારે બધી જ દૃઢતા, બધા જ વિચારો સરી પડ્યા અને હૃદયનો બંધ છૂટી ગયો. પણ થોડી જ વારમાં તેણે પોતાની જાતને સંભાળી લીધી. મનોમન બોલી ઊઠી : 'અરે રે, આ હું શું કરી રહી છું ? જેમની ચરણધૂલિથી આજ સમગ્ર કપિલવસ્તુ પાવન બની ગયું છે, જેમનાં દર્શન માત્રથી સર્વના સંતાપ ટળી જાય છે, એવા મારા મહાન સ્વામીના આગમનની વેળાએ આ રુદન મને ન શોભે. એણે પોતાનો સઘળો શોક - મોહ ખંખેરી નાખ્યો અને તે સ્વસ્થ બની. જાણે કે બુદ્ધના દૂરથી કરેલાં દર્શને જ તેના આત્મા પર છવાયેલાં આસક્તિના પડળને હટાવી દીધું. બુદ્ધને દૂરથી જ પ્રણામ કરી તે મહેલમાં નીચે આવી ત્યારે દાસીઓ તેને શોધી જ રહી હતી ! રાજમાતા ગૌતમીનો સંદેશ આપ્યો કે બુદ્ધ રાજમહેલમાં પધારી રહ્યા છે, એટલે દર્શન માટે રાહુલ સાથે ગોપા આવે.



હવે વિચારી રહી કે બુદ્ધ તો સંસારમાયાનાં સઘળાં બંધનોથી મુક્ત બની ગયા છે. પણ તે પોતે ? હજુ પોતાનો સ્વામીભાવ નિર્મૂળ થયો નથી. આ સ્થિતિમાં તેમને મળવું, તેમના સંન્યાસ ધર્મમાં કદાચ બાધારૂપ નહીં બને ને ? આમ વિચારીને તેણે રાહુલને કહ્યું : 'બેટા તારા પિતાજી આવ્યા છે.'

'હે મા, પિતાજી આવ્યા છે ? ચાલ જલદી, આપણે એમની પાસે જઈએ.'

'ના બેટા, તારે જવાનું છે. મારો સમય હજુ નથી આવ્યો. તું એમને પ્રણામ કરીને કહેજે કે હે તાત, મને પિતૃધન આપો.'

'પણ મા, મેં તો તેમને ક્યારેય જોયા નથી તો હું તેમને કેવી રીતે ઓળખી શકીશ ?'

'પુરુષોમાં જે સિંહ સમાન છે, જેમના મુખ ઉપર દિવ્ય તેજ ઝળહળી રહ્યું છે, એ તારા પિતાને તું જરૂર ઓળખી જઈશ. ' આમ કહીને પોતાના જીવનના એકમાત્ર આધાર રૂપ પુત્રને છેલ્લી વાર છાતીસરસો ચાંપીને પુત્રનું કલ્યાણ વાંછતી માતાએ પુત્રને આત્મકલ્યાણના એ જ રસ્તે જવા પ્રેર્યો કે જે રસ્તે એના પિતા ગયા હતા !

માતાએ આપેલી ઓળખાણ પ્રમાણે રાહુલ સીધો બુદ્ધ પાસે જ ગયો અને પ્રણામ કરી પિતૃધન આપવા કહ્યું ! આવા સુકુમાર બાળકના મુખે પિતૃધનની માગણી સાંભળી બુદ્ધ વહાલથી તેને નીરખી રહ્યા !


'બેટા, પિતૃધન એટલે શું તે તું જાણે છે ?'

'હા, પિતાજી, તમારો જ્ઞાનવારસો મને આપો.'

'વત્સ, એ તો બહુ જ કઠિન માર્ગ છે.'

'બીજાને માટે હશે, મારા માટે નહીં.' દૃઢતાથી રાહુલે કહ્યું. 'માએ મને એના માટે તો તૈયાર કર્યો છે, મારે તો તમારા જેવું થવું છે.' બુદ્ધે ઘણી ચકાસણી કરી. પણ રાહુલની મક્કમતા આગળ તેમને પણ ઝૂકવું પડ્યું, અને તેમણે પછી પોતાના શિષ્ય આનંદને કહ્યું : 'આને કાષાય વસ્ત્ર અને ભિક્ષાપાત્ર આપો.' આમ બુદ્ધના સંઘમાં સહુથી નાનામાં નાનો ભિક્ષુ એમનો પુત્ર રાહુલ બન્યો ! રાહુલની માતાનો આ કેટલો મોટો ત્યાગ હતો અને સંન્યાસી પતિના ચરણોમાં કેવી અપૂર્વ ભેટ તેણે ધરી દીધી !

હવે ગોપાનું સંપૂર્ણ એકાકી જીવન શરૂ થયું. તે મહેલમાં રહીને પણ આકરી તપશ્ચર્યા કરવા લાગી. બુદ્ધના ઉપદેશથી માતા ગૌતમી અને રાજા શુદ્ધોધનને પણ સંસારની ક્ષણભંગુરતા સમજાવા લાગી હતી. આથી રાજામહેલમાં રંગરાગને બદલે વ્રત-ઉપાસના ને તપસ્યા થવા લાગ્યા હતાં. ઉગ્ર તપશ્ચર્યાથી ગોપાએ પોતાની અંતરની મલિનતાને ધોઈ નાખી હતી. હવે તેનું મન શુદ્ધ બની ગયું હતું. રાજા શુદ્ધોધનના અવસાન પછી માતા ગૌતમી પણ બુદ્ધના શરણમાં જવા તત્પર બન્યાં



હતાં. એ સમય દરમિયાન બુદ્ધ બીજી વખત કપિલવસ્તુ આવ્યા. તે સમયે માતા ગૌતમી અને ગોપા તપસ્યાપૂર્ણ જીવન જીવી રહ્યા હતાં. આ વખતે ગોપા પોતે જ માતા ગૌતમીની સાથે બુદ્ધને મળવા ગઈ. હવે તેનું આંતરમન વિશુદ્ધ બની ગયું હતું. આસક્તિના બંધનો છૂટી ગયાં હતાં. જીવનનું પરમ લક્ષ્ય તેને સમજાઈ ગયું હતું. બુદ્ધનો કલ્યાણ માર્ગ એ જ હવે પોતાનો પણ માર્ગ છે એવી એને અંતરમાંથી પ્રતીતિ થઈ ચૂકી હતી. આથી બુદ્ધને પ્રણામ કરી તેણે પ્રાર્થના કરી કે, 'ભગવન્ મને પ્રવજ્યા આપો. મને પણ આપના કલ્યાણમાર્ગે લઈ જાઓ.' બુદ્ધે સ્થિર દૃષ્ટિથી તેની સામે જોયું. ક્યાંય વિકારની આછી છાયા પણ તેનામાં જોવા ન મળી. એટલે પ્રસન્ન થઈ ગયા અને તેમને થયું કે હવે એ વેળા આવી પહોંચી છે. એ સાથે માતા ગૌતમીએ પણ બુદ્ધને, પોતાને દીક્ષા આપવા આજીજી કરી. આમ બુદ્ધે પોતાની પત્ની અને માતાને સર્વ પ્રથમ ભિક્ષુણી બનાવ્યાં એ પછી તો ઘણી સ્ત્રીઓએ દીક્ષા લીધી અને થોડા સમયમાં તો ભિક્ષુણીઓનો સંઘ રચાઈ ગયો અને ગોપા તેની અધ્યક્ષા બની. પ્રવજ્યા પછી તો ગોપાનું સમગ્ર ધ્યેય આત્મકલ્યાણ બની રહ્યું. તેની તપસ્યા વધુ ઉગ્ર બની. અધ્યક્ષા હોવા છતાં તે સંઘના કઠોર વ્રત નિયમોનું ચુસ્તપણે પાલન કરતી હતી. પરંતુ ક્યારેક તેના મનમાં એક વિચાર ઝબકી જતો. આથી તેણે એક દિવસ ભગવાન બુદ્ધને પ્રણિપાત કરીને કહ્યું : 'ભગવાન મને ક્ષમા કરો, પણ ક્યારેક મારા મનમાં વિચાર ઝબકી જાય છે કે 'ભૂતકાળની છાયાથી આપના નિર્વાણમાં કોઈ વિક્ષેપ તો થતો નથી ને ?'

કરુણાભરી દૃષ્ટિથી તેની સામે જોઈને બુદ્ધ બોલ્યા : 'નિર્વાણના સાગરમાં કોઈ



લહેર ઊઠે તો તેથી તેની શાંતિનો કોઈ ભંગ થતો નથી. એ લહેરો પણ નિર્વાણ સાગરનું જ સ્વરૂપ છે. નિર્વાણની પરમ શાંતિમાં ભૂતકાળની કોઈ છાયા ટકી શકતી નથી. હા, પણ નિર્વાણ પ્રાપ્તિની પહેલાંની સ્થિતિ જુદી હતી. ત્યારે, હું જ્યારે ધ્યાનમાં એકાગ્ર થતો ત્યારે દિવ્યતેજથી મંડિત ગોપાની આકૃતિ મારી સમક્ષ પ્રગટતી અને મને મારા લક્ષ્યે જવા પ્રેરતી. જ્યારે મા અને તેની પુત્રીઓ મને લલચાવવા આવ્યાં ત્યારે પણ એ તેજોદીપ્ત મધુર આકૃતિ મારી સંરક્ષિકા બની રહી. છેલ્લું અંતિમ શસ્ત્ર તો એ હતું કે એક અપ્સરા ગોપાનું રૂપ લઈને મને લલચાવવા આવી પણ મારી દૃષ્ટિ સામે રહેલી એ પવિત્ર તેજમંડિત ગોપાની સામે નકલી ગોપા ઝાંખી પડી ગઈ અને ખુલ્લી પડી જતાં તે કંપી ઊઠી ને પછી અદશ્ય થઈ ગઈ ! પછી તો નિર્વાણના શાંત અટલ સાગરમાં મારું સમગ્ર અસ્તિત્વ ડૂબી ગયું અને હવે તો તેમાં વિક્ષેપનો પ્રશ્ન જ ઊઠતો નથી. પણ હે સાધ્વી તારા તપત્યાગ અને વિશુદ્ધ પ્રેમે મારું અહર્નિશ રક્ષણ કરી મને બુદ્ધત્વના માર્ગે પ્રેર્યો છે !'

બુદ્ધના મુખે આ સાંભળીને સાધ્વી ગોપાના અંતરના ઊંડાણમાં છુપાયેલી એક આછી પાતળી શંકાની લહેર પણ ઓગળી ગઈ. તેને મનમાં ક્યારેક થતું રહેતું કે, 'તે બુદ્ધના માર્ગમાં અવરોધરૂપ તો નથી ને ?' પણ બુદ્ધની આ વાણીથી તેને પોતાની તપસ્યા જ નહીં પણ પોતાના જીવનની સાર્થકતાનો અનુભવ થયો અને પછી તે સંપૂર્ણપણે પોતાની સાધનામાં રત બની ગઈ.

એક દિવસ તે ઊંડા ધ્યાનમાં ડૂબેલી હતી, ત્યારે તેને તેના હજારો પૂર્વજન્મોનું દર્શન થયું. આ ઉપરાંત પણ તેને ઘણી-ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. તેથી ભિક્ષુણી સંઘના પદવીદાન સમારંભમાં તેને મહાભિજ્ઞા પ્રાપ્ત કરનાર ભિક્ષુણી તરીકેનું અગ્રસ્થાન આપવામાં આવ્યું. ભિક્ષુણી સંઘમાં મહાભિજ્ઞા પ્રાપ્ત કરનાર તે એકમાત્ર હતી. અભિજ્ઞા એટલે દિવ્ય શ્રવણ, દિવ્યદૃષ્ટિ, વિકારોનું શમન, અન્યના વિચારોને જાણવાની શક્તિ વગેરેની સિદ્ધિ. જ્યારે મહાભિજ્ઞા તો એથીય ઉચ્ચ પ્રકારની સ્થિતિ છે. તે તેણે પ્રાપ્ત કરી હતી.

કુમાર સિદ્ધાર્થે રાજ્યવૈભવ, પત્ની, પુત્ર સઘળાનો ત્યાગ કર્યો અને બુદ્ધત્વ પ્રાપ્ત કર્યું પણ ગોપાનો ત્યાગ પણ કંઈ ઓછો નહોતો. ભરયુવાન વયે મહેલોના વૈભવની વચ્ચે તપોમય સાધ્વી જીવન, સંન્યાસી પતિના ચરણોમાં પોતાના એકના એક પુત્રની ભેટ અને પછી પોતાના જીવનનું પણ સંન્યાસી પતિના ચરણોમાં સમર્પણ કરી ઘણી જ ઊંચી આધ્યાત્મિક ભૂમિકા સંપન્ન કરનાર આ પતિવ્રતા નારીને લોકોએ યશોધરાનું એટલે કે સદાકાળ યશ-કીર્તિને ધારણ કરનારી નારીનું નામાભિધાન કર્યું. અપૂર્વ ત્યાગના મૂર્તિમંત સ્વરૂપ એવી યશોધરા આજે પણ ભારતની આધ્યાત્મિક નારીઓમાં રત્નની પેઠે ઝળહળી રહી છે અને નારીઓને કલ્યાણમાર્ગે જવા પ્રેરી રહી છે.

❖❖❖



# નવી દિશા

☐ આશા વીરેન્દ્ર

**સો**ળસોળ વર્ષથી રાષ્ટ્રીયકૃત બેંકમાં નોકરી કરતાં કરતાં કલ્પેશ પોતાની બીબાંઢાળ જિંદગીથી કંટાળી ગયો હતો. વાતવાતમાં ચિડાવું. ગુસ્સો કરવો, કોઈનું અપમાન કરી નાખવું કે કોઈને ઉતારી પાડવું, એ જાણે એનો સ્વભાવ થઈ ગયો હતો. કોઈકવાર એની પત્ની રિદ્ધિ હિંમત ભેગી કરીને કહેતી પણ ખરી.

દરેક વાતમાં આટલા ગરમ કેમ થઈ જાવ છો ? સામા માણસની વાત સાંભળવા તમે તૈયાર જ નથી હોતા. આમ ને આમ કરશો તો તમારી તબિયતને પણ નુકસાન થશે.'

''બસ, બસ, મને ઉપદેશ આપવાની જરૂર નથી. મારી તબિયત હું સંભાળીશ, તું તારું કામ સંભાળ.'

આવા મિજાજને કારણે એની કોઈ સાથે ગાઢ દોસ્તી પણ નહોતી કે કોઈ સાથે ઘરોબો પણ નહોતો. જોકે, રિદ્ધિ પોતાની રીતે સગાં વહાલાં કે આડોશી પાડોશી સાથે મીઠા સંબંધ રાખતી ખરી ! એમાં વળી આ વખતે તો એની બદલી એવા ગામડા ગામમાં થઈ હતી કે જ્યાં કોઈ સારી શાળા કે બીજી કોઈ સાધન-સુવિધા નહોતી. છોકરાંઓના ભણતરનો વિચાર તો સૌથી પહેલાં કરવો જ પડે એટલે નછૂટકે એણે એકલાએ જ આ અભાવગ્રસ્ત ગામમાં આવવું પડ્યું હતું. ઘરેથી નીકળતાં પહેલાં રિદ્ધિએ કેટકેટલી ભલામણ કરી હતી !

'તમને રસોઈ બનાવતાં તો શું, એક કપ ચા બનાવતાંય આવડતું નથી. મને બહુ ચિંતા થાય છે. એમ કરજો, કોઈ બહેન ચા-પાણી, નાસ્તો, રસોઈ બધું કરી આપે અને સાથે ઘરકામ પણ કરે એવાંને શોધી કાઢજો. હમણાં તો હું થેપલાં, સુખડી, અથાણું બધું સાથે આપું છું એ થોડા દિવસ સાંજે સાંજે ચાલી જશે. પછી છે ને તે...'

'મારે શું કરવું ને શું નહીં એ મને સમજ પડે છે, મહેરબાની કરીને લેક્ચર આપવાનું બંધ કરીશ ?'

તે દિવસે ભલે તેણે રિદ્ધિને બોલતાં અટકાવી હોય પણ અહીં આવીને એને પત્ની અને બાળકોની ખોટ ખૂબ સાલતી હતી. એ વધુ ને વધુ ચીડિયો થતો જતો હતો. બેંકમાં સફાઈકામ કરનારી બેનને એની ભૂલો બતાવ્યા કરવી, પ્યૂનને ધમકાવ્યા કરવો અને અભણ, ગામડિયા ગ્રાહકો સાથે ઉદ્ધતાઈથી વર્તવું એ રોજનું થઈ ગયું હતું. એમાં વળી માર્ચ મહિનો ચાલતો હતો એટલે કામનું ભારણ પણ વધારે રહેતું. મેનેજર સાહેબે કહી દીધું હતું.

મિ. પાઠક, બેંકના ઓડિટર્સ આવવાના છે. એમને સાચવવાની જવાબદારી તમારી રહેશે. સમજ્યા ? ઓવરટાઈમ પણ કરવો પડશે. જો કે આમ પણ તમે સાવ એકલા જ છો એટલે તમને તો કંઈ ફરક પડવાનો નથી, ખરું ને ?' મેનેજરનું હાસ્ય એને ખૂંચ્યું તો ખરું પણ નીચી મૂંડી રાખીને 'જી સર' તો બોલવું જ પડે એમ હતું.

બપોરના બે વાગી ગયા હતા પણ હજી સુધી ખાવા-પીવાનો તો શું પણ કામમાંથી માથું ઊંચું કરવાનોય સમય મળ્યો નહોતો. નાનકડા ગામની બેંકની આ શાખામાં પૈસા ભરવાની અને ઉપાડવાની એક જ લાંબી લાઈન હતી. અધૂરામાં પૂરું લાઈટ પણ ગઈ. પરસેવાથી રેબઝેબ કલ્પેશ રૂમાલથી મોં લૂછી રહ્યો હતો ત્યાં મેનેજર સાહેબનો હુકમ છૂટ્યો,

'મિ. પાઠક, ઉતાવળ રાખો. આમ ગોકળગાયની ગતિએ કામ કરશો તો ક્યારે પૂરું થશે ? બી ક્વીક.'

કલ્પેશનો બધો ગુસ્સો સામે ઊભેલા ગામડિયા પર ઊતર્યો,

'શું છે ? પૈસા ઉપાડવા છે ? તો એમ બોલ ને ! ક્યાં છે ચેક ? આમાં તારીખ તો લખી નથી. એ કોણ લખશે, હું ?' ઉપરા ઉપરી સવાલો પૂછતાં એ મનોમન બબડ્યો, 'સાલા સાવ ગમાર લોકો ! નહીં બોલવાનાં ઠેકાણાં, નહીં કપડાંનાં કે નહીં વાળ ઓળવાનાં. કોણ જાણે કેટલા દિવસે ના'તા હશે ? જોને, આટલે દૂરથી પણ ગંધાય છે !' સૂગથી એણે પૈસા એવી રીતે આપ્યા કે જાણે ભૂલેચૂકે એનો હાથ લાગી જશે તો પોતે અભડાઈ જશે.

'ચાલ, ચાલ, જા અહીંથી. બીજાને આગળ આવવા દે.'

પેલો પૈસા લઈને લાઈનમાંથી નીકળ્યો. હજી તો માંડ બીજા બે ગ્રાહકને પતાવ્યા ત્યાં એ માણસ ફરીથી કાઉન્ટર પાસે લાઈનની બાજુમાં આવીને 'એ સા'બ, સા'બ, સુણો. મેં બોલું હું કે' કરતો કશીક વાત કરવા લાગ્યો. કલ્પેશનો પિત્તો છટક્યો.

'શું છે ક્યારનો સા'બ સા'બ કરે છે તે ? આપી દીધા ને તારા પૈસા ? હવે ચાલતી પકડ ને મને મારું કામ કરવા દે.'

ઘડિયાળે સાડા ત્રણનો સમય બતાવ્યો ત્યારે માંડ કામ પત્યું. 'હાશ' કરતો એ રૂમાલથી મોં લૂછવા જાય ત્યાં તો પેલો મેલુંઘેલું કેડિયું અને ચોરણી પહેરેલો માણસ ફરીથી હાજર થઈ ગયો. એને જોઈને કલ્પેશનું મગજ એવું ફાટ્યું જાણે હમણાં કાઉન્ટરની બહાર નીકળીને એને એક તમાચો ચોડી દેશે. ત્યાં તો પેલાએ પોતાના

ચીથરા જેવા ફાળિયામાં વીટેલા રૂપિયાની થોકડી એની સામે મૂકતાં કહ્યું,

'સાબ મૈં યે બોલને વાસ્તે આયો થો કે, રૂપૈયા દેને મેં થારી ગલતી હોઈ ગઈ લાગે. મારેકો સો સો કે દસ નોટ દેને થે પર આપને તો સો દે દિયે તો મેરે પાસ નૌ હજાર રૂપૈયા જ્યાદા આઈ ગયા... મૈં કબકા બોલનેકી કોશિશ કરું પર આપ તો ઈત્તે કામકી વજહસે સૂને હી નૈ મેરા, તો કા હૈ, ઈધર બૈઠા રહૂં કે ઘર જાઉં કોઈ ફરક નૈ પડતા. તો મૈં સોચા કે સાબ અપના કામ નિપટા લે તો યે બોજ ઉનકો પકડા દૂં. ચલો સાબ, અબ મૈં જાઉં ?' જવા માટે એણે પગ ઉપાડ્યા પણ વળી પાછો ખમચાઈને ઊભો રહ્યો. 'સાબ, મૈં ઈધર જ ખડા હૈ. આપ એક બાર ગીન લો પૈસા ઠીક હૈ ના ?'

કલ્પેશ સ્તબ્ધ થઈ ગયો. બેંકના પગારમાંથી જેમતેમ ઘરનું ગાડું ગબડતું હતું એમાં નવ હજાર જેવી રકમની ભરપાઈ એ શી રીતે કરી શકત ? કલાકેક પહેલાં જે ગમારને તમાચો મારવો હતો એના પગ પકડી લેવાનું એને મન થયું.

આજે આ અભણ માણસે એને નવી દિશા બતાવી હતી. એક ઉમદા અને નમ્ર વ્યક્તિ તરીકે આજથી એનો પુનર્જન્મ થયો હતો. આંખોમાં આવેલા આંસુને લીધે ધૂંધળા દેખાતા પેલા દેવદૂતના પડછાયાને આ મનોમન વંદી રહ્યો.

❖❖❖

# કેવળ સફળ નહીં, સાર્થક જીવન

અનેક લોકો જીવનમાં સફળ થાય છે. પરંતુ એમનું જીવન સાર્થક થયું હોય છે ખરું ? સફળ જીવનને માપી-તોળી શકાય છે. એનું માપ છે : ૧. ધનપ્રાપ્તિ. બીજા કરતાં તેમણે વધારે ધન મેળવ્યું હોય છે. ૨. ઊંચું કે મોટું પદ. એથી પદના લાભ મેળવ્યા હોય છે. ૩. કીર્તિ. ધન કે પદને આધારે સફળ લોકોએ કીર્તિ મેળવી કે ખરીદી હોય છે; તેથી તેઓ પ્રખ્યાત, જાણીતા બન્યા હોય છે.

પરંતુ આ સઘળાં પછીય તેમનું જીવન સાર્થક ન પણ બન્યું હોય. સફળતામાં ઝળહળાટ હોય છે, બીજા એની નોંધ લે છે. એથી માણસ એવું માને છે કે મેં બધું મેળવી લીધું છે, પણ સફળતાના ત્રણ મોટા વેરી હોય છે : સરખામણી, સ્પર્ધા અને ઈર્ષા. એ માણસને જંપવા દેતી નથી. આ એવો અગ્નિ છે જેમાં નિત્ય ઘી હોમવું પડે છે. એનાથી સફળ વ્યક્તિ વધુ સફળ થવાની હોડમાં જોડાય છે. ધન, સ્થાન અને કીર્તિ પછીય માણસ એને ટકાવવા કે વધારવા રાતદહાડો એક કરે છે. સ્પર્ધામાં આગળ રહેવા મરણિયો બને છે. સતત ઉદ્વિગ્ન રહે છે. જો સફળતાનું



આ પરિણામ હોય તો એનું જીવન સાર્થક થયું એમ નહીં કહી શકાય.

સાર્થકતા અદ્‌ભુત શબ્દ છે. જેનો અર્થ સિદ્ધ થયો તે સાર્થક છે. કયો અર્થ ? જીવનનો અર્થ. જીવનનો અર્થ છે મનુષ્ય તરીકેનો વિકાસ. મનુષ્ય તરીકે વિકસવું એટલે જાતમાં પુરાઈ ન રહેવું. સ્વસુખ માટે જ બધું ન કરવું. અન્યની કાળજી લેવી, એમની પીડા કે અભાવને ઓછા કરવા પ્રયત્ન કરવો. મનુષ્ય અસ્તિત્વની ખૂબી એ છે કે એ સ્નેહવિસ્તાર કરી શકે છે. માત્ર પરિવારમાં બંધાઈ ન રહેતાં અજાણ્યા માટે પણ યોગદાન આપી શકે છે. માણસ વિચારી શકે છે એટલે બીજાની પીડા કે અભાવને પારખી શકે છે. એ એનો વિકાસ છે. ભગવાન બુદ્ધને કશી ખોટ ન હતી. સૂકું પાંદડુંય જોવાનું ન હતું, પરંતુ લોકોને જરા-વ્યાધિ-મૃત્યુના વમળમાં ડૂબતા જોઈને એમાંથી ઉગારવા તેમણે સ્વસુખ છોડ્યાં. મહાત્મા ગાંધીને દક્ષિણ આફ્રિકામાં ભલભલાને ઈર્ષા થાય એટલી કમાણી વકીલાતમાં હતી, પણ દેશબાંધવોને ગુલામીમાંથી મુક્ત કરાવવા મૃત્યુ સુધી પ્રવૃત્ત રહ્યા. એવું જીવન સાર્થક છે.

સાર્થક જીવનના કેન્દ્રમાં 'સ્વ' નહીં પણ 'સહુ' હોય છે. સહુના ભલામાં આવી વ્યક્તિ પોતાનું ભલું જુએ છે. આવું કામ સાવ નાનું હોય તે એની ક્યાંય ખાસ નોંધ ન લેવાય તેવું પણ હોય. છતાં એવું જીવન સાર્થક હોઈ શકે છે. કોરોના કાળમાં અનેક નાના માણસોએ સાર્થક કામ કર્યાં છે, કારણ કે સાર્થક જીવનમાં સ્પર્ધાની દોડ નથી હોતી, તૃપ્તિ હોય છે. જીવનની હાયવોયને બદલે શાંતિ હોય છે. અન્યને ઉપયોગી થવાથી પરમ પ્રસન્નતા હોય છે. એટલે માણસે કેવળ સફળતાને બદલે સાર્થકતાની ઉપાસના કરવી જોઈએ. મા-બાપોએ સંતાનોને વારસામાં માત્ર સફળતાનો નહીં, સાર્થક જીવનનો મંત્ર આપવો જોઈએ.

મનસુખ સલ્લા



# દીવાલ ઘડિયાળના ટકોરા

**વાસુદેવ સોઢા**

દીવાલ ઘડિયાળમાં અગિયારના ટકોરા પડ્યા. જજ સાહેબે દીવાલ ઘડિયાળ સામે જોયું. ખૂબ જ જૂના જમાનાનું ઘડિયાળ હતું. તેમના દાદાને અંગ્રેજ સરકાર તરફથી કોઈ પ્રસંગે મળેલું હતું. તેના દાદાજી અંગ્રેજ સરકારમાં જજ હતા. તેના પિતાજી પણ જજ હતા.

તેમના દાદા જે અંગ્રેજ સરકારમાં હતા. કેટલાક દેશી રાજ્યોમાં તેમણે ન્યાયાધીશની સેવા આપી હતી. તેમનો ન્યાય તટસ્થ ગણાતો. તેના માનમાં જ આ દીવાલ ઘડિયાળ મળેલું.

સમયની સાક્ષીરૂપી દીવાલ ઘડિયાળ આજે પણ એવું ને એવું જ હતું. સમયમાં કશો ફેરફાર થયો ન હતો. આજ સમય સુધી દીવાલ ઘડિયાળની રોનક સચવાઈ રહી હતી.

દાદાજીની ન્યાયપ્રિયતા સમી દીવાલ ઘડિયાળ તેના પૌત્ર સતીષ વર્માએ સાચવી રાખી હતી. અને તેથી જ એ ઘડિયાળમાં, પડતા ટકોરાએ તેને સજાગ કર્યા ને ઊભા થવું પડ્યું.

અગિયાર વાગે સતીષ વર્મા પોતાના શયનખંડમાં જઈને ઊંઘી જતા. લાઈબ્રેરી ખંડમાં તેઓ અગિયાર સુધી જ બેસતા.

ઘડિયાળ ટકોર કરે એટલે કાયદાના પુસ્તકોને મૂકીને રેસ્ટ માટે રવાના થઈ જતા.

પણ આજે જજ સતીશ વર્મા ઊભા થઈને તેના શયનખંડમાં જવા ગયા એ પહેલાં તેના બંગલાના દરવાજે ટકોરા પડ્યા.

સતીશ વર્મા ઘડીક થોભી ગયા. આ રીતે કોઈ ટકોરા મારે એવું બન્યું ન હતું. વૉચમૅન રઘુનાથ મુખ્ય દરવાજે જ હોય છે. તેને સતીશ વર્માની દિનચર્યાની ખબર જ છે. કોઈ દિવસ કોઈને પણ આ રીતે અંદર આવવા ન દે.

અત્યારે રાત્રીના અગિયાર થયા છે. કોઈપણ પ્રકારનું અર્જન્ટ કામ હોય તો ખુદ રઘુનાથ આવે. રઘુનાથ આવે તો દરવાજે ટકોરા ન મારે. તેને ડોરબેલનો ખ્યાલ છે, પણ કોઈ પણ સંજોગોમાં રઘુનાથ કોઈને ઘૂસવા ન દે, અત્યારે કોણ હશે ? શું રઘુનાથ મુખ્ય દરવાજે નહીં હોય ? અને એ હોય તો તેણે જ કોઈને અહીં સુધી આવવા દીધા છે...!

જજ સતીશ વર્માએ લાઈબ્રેરી ખંડનો દરવાજો બંધ કર્યો. આંખો પર રહેલા ચશ્માંને ઉતારીને હાથમાં લીધા. રાત્રીના ઝાંખા પ્રકાશમાં એ બંગલાના દરવાજા સુધી આવ્યા.

રાત્રે કોઈ બીજા માણસો બંગલાની અંદર રહેતા ન હતા. સતીશ વર્મા એકલા જ હતા. રાત્રીના નવ પછી નોકરોને છુટ્ટી આપી દેતા. નોકરો સવારે જ આવીને પોતપોતાનું કામ સંભાળતા. માત્ર એક રઘુનાથ જ કમ્પાઉન્ડના મુખ્ય દરવાજે રહેતો. બાકી આવડા મોટા બંગલામાં કોઈ માણસ ન રહેતા.

દિવસના બધા આવી જતા. રસોઈયો, માળી, બંગલાની સફાઈ રાખનારા, બીજા બે નોકરો.

અત્યારે બંગલાની અંદર તો માત્ર એકલા સતીશ વર્મા જ રહેતા. ફરી બંગલાના દરવાજા પર વધારે જોરથી ટકોરા પડતા હોય એવું લાગ્યું. આ વખતે કોઈ વ્યક્તિ, કોઈ સામાન્ય માણસના ઘરનો દરવાજો ખટખટાવતી હોય એ રીતે ટકોરા પડ્યા.

સતીશ વર્મા દરવાજા તરફ આવ્યા. જૂનાપુરાણા બંગલાનો દરવાજો પણ તોતિંગ હતો. જજસાહેબે દરવાજાની સ્ટોપર ખોલી. એ સાથે જ કોઈ રાહ જોઈને જ ઊભા હોય એમ ધક્કો મારીને એ વ્યક્તિ અંદર ધસી આવી.

'અરે... અરે....!' સતીશ વર્માના મુખમાંથી નીકળી પડ્યું. તેઓ આશ્ચર્ય અને થોડા ક્રોધથી જોઈ રહ્યા.

સામે જ એક સ્ત્રી ઊભી હતી. તેની કાખમાં છોકરું તેડેલું હતું. અને પાંચેક વર્ષનો એક છોકરો તેની આંગળીએ વળગ્યો હતો. સ્ત્રીના પેટમાં છએક માસનો ગર્ભ હોય એમ લાગતું હતું.

'કોણ છો તમે ? અહીં આવ્યા કેવી રીતે ?' સતીશ વર્માએ, રઘુનાથ કેમ ક્યાંય દેખાતો નથી એ જોવા આસપાસ નજર ફેરવી.

'સાહેબ તમે મને ક્યાંથી ઓળખો...!?' હું તો અહીંથી ખૂબ દૂરના ગામડામાં રહું છું ! મારું નામ દમુ છે. દમુ તો મને સૌ કહે છે, પણ મારું અસલી નામ દમયંતી છે.'

સતીશ વર્મા દમયંતીને તાકી રહ્યા. ત્રીસેક વર્ષની લાગતી દમયંતીના ચહેરા પર

વ્યથાના વમળ ઘૂમી રહ્યા હતા. વ્યથાને દૂર કરાવવામાં આવે તો દમયંતીનો ચહેરો સુંદરતાનો નમૂનો હતો. કાળની થપાટોમાં દમયંતીનું સૌંદર્ય દબાઈ ગયું હોય એમ લાગતું હતું અને આટલી નાની વયે બે બાળકોની માતા બની ગઈ હતી. હજી તેના ઉદરમાં ત્રીજું બાળક ઉછરતું હોય... તેની નોંધ પણ સતીશ વર્માએ લીધી.

'પણ બેન, તું અહીં શા માટે આવી ? તને રઘુનાથે અટકાવી નહીં ?'

'મને અટકાવી હતી. પણ...'

'પણ શું ?' સતીશ વર્માએ પૂછ્યું.

'પણ મારે તમારી પાસે ન્યાય જોતો હતો. એટલે અહીં સુધી હું આવી.'

'શું ચોકીદારે તને અહીં આવવા દીધી ?' સતીશ વર્માના ભવાં ચડ્યા.

તરત દમયંતી બોલી ઊઠી, 'ના... ના...! સાહેબ. એણે આવવા નથી દીધી. હું એની નજર ચૂકવીને અહીં આવી ગઈ છું. મારે ન્યાય જોઈએ છે.'

'તારે ન્યાય જોઈતો હોય તો અદાલતમાં આવવું જોઈએ. અહીં ઘરે ના હોય.'

'મને અદાલતમાં અન્યાય થયો છે. એટલે આપની ઘરે અડધી રાત્રે આવી છું. દમુએ કાંખમાં રહેલા છોકરાને બીજા હાથમાં લીધો. આંગળીએ રહેલો છોકરો કુતૂહલથી ચારે તરફ જોઈ રહ્યો હતો.

'અહીં બેસીને વાત કરો...' સતીશ વર્માએ ખુરશીઓ બતાવી. દમુ અને તેના છોકરાઓ નીચે ફરસ પર બેસી ગયા.

'રઘુ.... ઓ... રઘુ...!' જજસાહેબે બૂમ પાડી. રઘુ દરવાજેથી દોડતો આવ્યો, 'અરે...!! તમે અહીં ક્યાંથી...'

દમુને જોઈને રઘુ રઘવાયો બની ગયો. 'હું બીજો દરવાજો ચેક કરવા ગયો, એટલી વારમાં તમે અહીંયા આવી ગયા ?'

'હવે આવી જ ગયા છે તો હું તેને સાંભળીશ. તું એને અને બાળકોને કશું ખાવાનું આપ. ભૂખ્યા હોય એવું લાગે છે...' હું કપડાં બદલીને આવું છું...!' જજ સાહેબ અંદર ચાલ્યા ગયા.

રઘુએ ખાવાનું આપ્યું. છોકરો અને દમુ ખાવા લાગ્યા.

'સાહેબને ખબર તો નથી પડીને કે મેં તમને અહીં આવવા દીધા છે...!'

'ના, એ તો તારી નજર ચૂકવીને આવી ગયા છે...' પાછળ આવીને ઊભા રહેલા સતીશ વર્માએ કહ્યું, અને રઘુનાથ તથા દમુ બંને ચોંકી ઉઠ્યા.

'બોલ બેન, તારી શી ફરિયાદ છે ?'

'જજસાહેબ, તમે અમને એટલી આકરી સજા શા માટે કરી ?'

'બેન આ તું શું કહે છે ? મારી અદાલતમાં તો તું ક્યારેય આવી જ નથી...!'

'કોઈ વિક્રમને આપે આજીવન કેદની સજા ફરમાવી છે...!'

'હા એ સાચી વાત છે. ભયંકર ગુનો બને છે. તેની વિરુદ્ધના પુરાવા પણ મળ્યા છે...!'

'એ મારો પતિ છે.'

'જજ સતીશ વર્મા દમયંતી સામે આંચકાથી તાકી રહ્યા. પછી પહેલા બાળકો સામે જોઈ રહ્યા.

'હવે અમારો આધાર શો ? મારો પતિ તો જેલમાં રહીને પણ તેનું પેટ ભરશે, પણ અમને કમાઈને કોણ આપશે ? આ બે છોકરાઓ, હું અને મારા પેટમાં ઉછરી રહેલું ત્રીજું છોકરું... એણે શું ગુનો કર્યો છે ? એને આવડી મોટી સજા શા માટે આપી રહ્યા છો ?'

સતીશ વર્મા સ્થિર નજરે ત્રણેયને તાકી રહ્યા અને ઊંડા વિચારમાં પડી ગયા.

'બેન, કાયદાની રીતે તારા પતિ અપરાધી છે. એ બચી ન શકે. તેને સજા થાય જ. તેણે ખૂન કર્યું છે.'

'એણે ખૂન નથી કર્યું. મજબૂરીથી એના હાથે ખૂન થઈ ગયું છે. એનો સ્વભાવ ખૂન કરે એવો છે જ નહીં. જે માણસને ક્યારેય ક્રોધિત થતા જોયો નથી. અજાણતા કોઈ જીવાત પગ તળે ચકદાઈ જાય, તોય અરેરાટી છૂટી જાય...! એવો માણસ ખૂન કરે ? ના... ના.. જજસાહેબ, ના. તમે ખાલી મારા પતિને જ નહીં, અમને સૌને સજા કરી છે. અમારો શો દોષ હતો ?'

જજ સતીશ વર્મા ક્યાંય સુધી વિચારતા રહ્યા. દમુ તથા તેમના છોકરાઓ સામે જોતા રહ્યા. પછી બોલ્યા, 'તારી વાત સાચી હશે...' પણ આધાર પુરાવાઓ તારા પતિને દોષિત ઠરાવે છે. એ ગુનેગાર સાબિત થાય છે. તે રીતે તેને સજા થઈ છે. હું કોઈ જ ફેરફાર ન કરી શકું.' સતીષ વર્માની આંખો પર આછા આંસુ આવી ગયા.' રઘુ આ લોકોને લઈ જા...'

સમય વીતવા લાગ્યો. દમયંતીના ઘરે દર મહિને કોઈ માણસ આવીને, તેના કુટુંબનું ભરણપોષણ થાય એટલા પૈસા બંધ કવરમાં આપી જતો.

દમયંતી કંઈ પૂછે એ પહેલાં પેલો માણસ કશી જ ઓળખાણ વિના ચાલ્યો જતો. દર મહિને કોઈ નવો માણસ આવતો.

થોડાં વર્ષો પછી દમયંતીએ ખુદે તપાસ કરી. એ જજ સતીશ વર્માને ત્યાં આવી. 'કોણ આ પૈસા આપી જાય છે ?'

પણ રઘુનાથે જ તેને કહ્યું. 'જજ વર્મા સાહેબ તો એ રાત્રે કંઈક લખતા હતા... ને હાર્ટ એટેકથી એ જ રાત્રે મૃત્યુ પામ્યા હતા. જે રાત્રે તું ફરિયાદ લઈને આવી હતી.'

ત્યારે જ બરાબર દીવાલ ઘડિયાળમાં ટકોરા પડ્યા.

❖❖❖

# હણમાનની દેરી

ગૌરીશંકર ગો. જોશી
'ધૂમકેતુ'



**ના**નકડા ગામમાં મુખી થવાનું સદ્‌ભાગ્ય ઈશ્વરકૃપાથી જ ભૂધરભાઈને મળ્યું હતું. ભૂધરભાઈને એકનો એક લાડકવાયો દીકરો હતો. તેનું નામ લાડમાં ને લાડમાં નાનાભાઈ પાડ્યું, ને પછી તો એ જ કાયમ થઈ ગયું.

નાનાભાઈ જ્યારે બે વર્ષનો થયો ત્યારે ભૂધર મહેતા ઘરભંગ થયા. બેચાર દિવસ સુધી તો નાનાભાઈની વેદના જોઈને ભૂધરને કાંઈનું કાંઈ થઈ જાય. હિમાલય જવાનું, સમુદ્રમાં પડવાનું, સાધુ થવાનું, એમ એક પછી એક જુદું જુદું મન થઈ આવે અને છેવટે ફરીવાર ન પરણવાનું મન કાયમ થયું.

ભૂધરભાઈએ મન મોકળું કરવા ને ગત પત્નીને સંભારીને દુઃખમાં મળી શકે તેવી યાદીની મીઠાશ લેવા, આ વાત પોતાની એકની એક અત્યંત વિશ્વાસપાત્ર નોકરડી કેસરને કહી, કેસર જાતની ખવાસ હતી તેનું મૂળ નામ તો હતું કેસર; પણ ઘણી વખત નામ અપભ્રષ્ટ કેમ થાય છે તેની ખબર નથી પડતી, ને સૌ કેસરબાઈને કેશી કહેતા.

કેશીનું નામ રૂપાળું હતું, પણ પોતે નામ કરતાં પણ વધારે રૂપાળી હતી. હવે તો એની આધેડ વય હતી. પણ બેઠી બાંધણીનાં શરીર જલદી વૃદ્ધ ને કુરૂપ બનતાં નથી, એટલે કેશી આધેડ છતાં બેઠી દડીના પ્રતાપે કદરૂપી ન લાગતી. મૂળ તો ખવાસનો સ્વભાવ જ મીઠો છે, તેમાં કેશી સ્ત્રીજાત, ને પોથીથી રંગાયેલા દાંત પર જુવાનીમાં હેમની રેખા પણ જડાવેલી, એટલે કેશી બોલે ત્યારે જાણે સોનાનાં ફૂલ વરસે છે એવું લાગે.

કેશીએ નાનાભાઈને બેચાર દિવસમાં માતાનો સ્નેહ ભુલાવી દીધો. તે ભૂધર મહેતાને ત્યાં ઘણાં વરસથી ઘરના માણસની જેમ કામ કરતી, એટલે નાનાભાઈ તેની સાથે બહુ જ હળી તો ગયેલો હતો, પણ માતાના મરણ પછી તો કેશીએ ગજબ કરી.

ઘણી વખત અપુત્ર, એકલદોકલ નોકરચાકર, એવાં તો વિશ્વાસપાત્ર નીવડે છે કે પગાર નહિ પણ એમનો પ્રેમ જ એમની પાસે અદ્‌ભુત કામ કરાવ્યે જાય છે.

હવે આ કેશી દર શનિવારે ભૂધર મહેતાના વાડામાં એક હનુમાન હતા એના દર્શન કરવા અચૂક જવાની, શનિવાર રહેતી પણ ખરી, ને તે દિવસે એ બહુ જ ધાર્મિક બની જતી. કેશીની આ વિચિત્રતા હતી. અને વિચિત્રતા દુનિયામાં અનેક રૂપે રહી શકે છે. એક વખત એક ગાંડો જોયો. તે ફૂટેલ ચાના પ્યાલા ભેગા કરતો અને સાજો પ્યાલો હોય તો એને ફોડી નાખતો. બીજો એક ગાંડો ખાડા ખોદીને કટાઈ ગયેલ લોઢાના કકડા, જાણે મોંઘા મણિ મળ્યા હોય તેમ પ્યારથી ભેગા કરતો. ગાંડા માણસ જેવી જ ડાહ્યા માણસો પણ વિચિત્રતા ધરાવે છે. અમદાવાદી ડાહ્યા વેપારીઓ, કોઈ હેતુ વિના કે ગાંડાની કોઈ વિચિત્રતા વિના પૈસા ભેગા કર્યે જ જાય છે! એટલે કેશીની વિચિત્રતા માફી આપવા જેવી છે. કારણ કે શનિવાર તો ઘણા રહે છે, ને હનુમાનનાં દર્શન તો ઘણાં કરે છે, પણ કેશી જ્યાં દર્શન કરતી ત્યાં ખરી રીતે તો માત્ર ઢંગધડા વિનાનો પથરો જ હતો; અને તે પણ એવો તો કરૂપ, કે જડ સૃષ્ટિમાં જો હસી શકાતું હોય તો બધા પથરા પણ આ પથરાને જ હસે! ગમે તેમ, એના પર કેશીએ સિંદૂર ચોપડ્યો હતો. એ એનો હનુમાનદાદો હાજરાહજૂર હતો.

નાનાભાઈએ કેશીને ઊભાઊભ રાખી. આખો દિવસ એ એની કેડ ઉપર જ રહેવાનો. ગામમાં જાય તો નાનાભાઈ સાથે. ધોવા જાય કે પાણી ભરવા જાય, ખાવા બેસે કે પાણી પીએ, પણ નાનાભાઈ તો સાથે ને સાથે. નાનાભાઈ જેટલો વધારે જુલમ કરતો, તેટલો કેશીનો પ્યાર વધતો. સ્ત્રીભાવમાં જ કાંઈક એવું છે. કેટલાક એને નબળાઈ ગણે છે, ઘણા એને સહનશીલતા માને છે, ખરી રીતે એ પ્રેમની જ એક અવસ્થા છે. જેમજેમ નાનાભાઈ મોટો થતો ગયો, તેમતેમ કેશી પર એનો રોફ પણ વધતો જ ગયો : 'કેશી! પાણી કેમ મૂક્યું નથી? કેશી! અહીં આવ; કેશી! દાતણ લાવ.' આ પ્રમાણે નાના છોકરાની જોહુકમી, સગી માને પણ કંટાળો ઉપજાવે તેવી, મૂંગે મોંએ, કોઈ પણ દિવસ જવાબ આપ્યા વિના, કેશી સહન કર્યે જ જતી. એ હુકમ ઉઠાવવામાં જ સમજતી : બોલવામાં કાંઈ સમજતી નહિ. એ બોલતી બહુ જ થોડું. આખા દિવસમાં ભાગ્યે જ બે ત્રણ વખત 'સારું' કહેતી હશે.

ભૂધર શેઠને ધીમે ધીમે શેઠાણી વિસારે

પડવા લાગ્યાં. એ ધીમે ધીમે કહેવા લાગ્યો કે રોટલા ઘડવાની અડચણ બહુ પડે છે. અને ઘણાખરા સાધારણ ભણેલા બીજવર રોટલા ઘડવાની અડચણથી, ઘરભંગ થયા પછી છઆઠ દિવસે કે બહુ તો છઆઠ માસે પરણી જાય છે. માત્ર વધારે ભણેલા જ્યારે ઘરભંગ થાય છે ત્યારે 'પ્રેમ, પ્રેમ' કરતા, ધીમે રહી ફરીવાર પરણી લે છે. પછી કોઈ 'સહભરીને' કે 'જીવનસખીને' એવાં એવાં સુંદર કાવ્યો જોડે છે. આ પ્રમાણે ભૂધરભાઈ પણ ફરીવાર પરણ્યા, નવી વહુ ઘેર આવ્યાં. એનું નામ સમજુ. સમજુ વહુ આવ્યાં ત્યારથી જ કેશીને ખાતરી હતી કે હવે નાનાભાઈની બાદશાહી પર ઘા પડશે. સમજુ વહુએ આવીને વેવલી વાણિયણના પઠે, કેડે કૂંચીનો ઝૂમખો ખોસ્યો વાણંદ, કુંભાર, ભંગી સૌ નવા સૂર્યની હેઠે સમજુ વહુને ભજવા લાગ્યાં. નાનાભાઈને હવે ક્યારેક તો લપડાક પણ પડવા લાગી. એ વખતે એને ઘણું લાગી આવતું, ને કેશીના ખોળામાં માથું મૂકીને કલાકના કલાક સુધી રડ્યા કરતો. એમ સુખેદુઃખે નાનાભાઈ મિડલ સ્કૂલ પસાર કરી ગયો ને હાઈસ્કૂલમાં જવા વારો આવ્યો.

એ વખતે કેશી ભાઈ સાથે જવા તૈયાર થઈ. ભૂધરભાઈ સાથે એ વાત નક્કી થઈ હતી. ચાર ગાઉ છેટે શહેરમાં હાઈસ્કૂલ હતી એટલે સીધુંસામાન બધો તૈયાર કરીને કેશીએ ગાડામાં મૂક્યો, અને પોતે પણ તૈયાર થઈને આવી ગઈ, એટલામાં સમજુ વહુ આવ્યાં.

'કેશીને ભાઈની સાથે મોકલશું' તો બાબુભાઈને કોણ સાચવશે ?' બાબુ સમજુનો બે વર્ષનો છોકરો હતો. ગામડામાં મોટામાં મોટું ને સરસમાં સરસ નામ 'બાબુ' ગણાય છે. કોઈપણ ગામડામાં સહેજે પાંચ છ બાબુ મળી આવે - જેમ શહેરમાં એક પોળમાંથી સાત આઠ ડઝન 'બેબી' મળી આવે છે તેમ.

ભૂધરે માથું ખંજવાળ્યું. એને ખબર હતી કે નાનો કેશી વિના એકલો નહિ રહે, ને કેશી નાના વિના નહિ રહે.

'કેમ બોલતા નથી ?'

'હા, હા; શું કહ્યું ?'

'એમ કે કેશીથી નહિ જવાય, નાનો કંઈ નાનો નથી. અને આ બાબુને કોણ સાચવશે ?'

'હા ત્યારે તો કેશી - નાનાભાઈ, કેશી ન આવે તો ?' ભૂધરે નાનાને જ પૂછ્યું.

'ન આવે તો, ન આવે તો' - નાનાએ નવી માની કડક આંખ નીચે હે ફે હે ફે કરતાં ઉત્તર આપ્યો : 'ન આવે તો, બાપા કેમ ચાલે ?' 'ચાલે' એમ કહેવા જતાં 'કેમ ચાલે ?' બોલાઈ ગયું.

'બાબુભાઈ ને તો કેશવો સાચવશે,' કેશીએ પ્રત્યુત્તર વાળ્યો.

'એમ ?' - શેઠાણી કરડાઈથી બોલ્યાં. કોઈપણ દિવસ પ્રત્યુત્તર ન વાળવાના સ્વભાવવાળી કેશી તદ્દન શાંત ઊભી રહી.

'તારે જાવું છે, એમ બોલને, મીંઢી !'

પ્રત્યુત્તર મળે જ નહીં

'શું બોલે ? બાઈસાહેબે છોકરાને પહેલેથી જ બગાડ્યો છે, એટલે હવે છોકરો ને પોતે જઈને ત્યાં શેરાપૂરી ઉડાવવાં હશે, પણ યાદ રાખજે જો છોકરો નાપાસ પડ્યો તો તારો રોટલો આ ઘરમાં નહિ રહે. જાઓ તમે બેય જણાં આંહીંથી. ભૂધરને આવો ફેંસલો જોઈતો હતો, પણ તેનો વિચાર વાણિયાગતથી ધીમે ધીમે એ ફેંસલો મેળવવાનો હતો. પણ શેઠાણી તડૂક્યાં ને તે બોલ્યો નહિ, એટલે આમ વેતરાયું તો ખરું. પણ ક્રોધમાં વેતરાયું એટલું જ.'

'જાઓ, બેટા, જાઓ. ધ્યાન રાખીને ભણજો ને કેશી ! તું ધ્યાન રાખજે.'

'હા, એ ધ્યાન રાખશે ! છોકરો બગડીને ન આવે તો સારું.'

શેઠાણી ઘરમાં ચાલ્યાં ગયાં. મુખી ઝાંપા સુધી વળાવા ગયા, અને નીચે મોંએ કેશી તથા નાનાએ ભૂધરની રજા લીધી. ગાડું ચાલતું થયું, પણ એનાથી કચરાતી દરેક કાંકરી જાણે હૃદય ચીરતી હોય એવું ભૂધરને લાગ્યું. તે ગોંદરા સુધી સાથે ગયો. એક વખત નજર ટકાવીને ગાડું દેખાય ત્યાં સુધી જોઈ રહ્યો. ધૂળ દેખાતી બંધ થઈ ત્યારે તેણે નિઃશ્વાસ મૂક્યો. મુખી કોઈ દિવસે આવો ગદ્‌ગદ કંઠ થયેલો નહીં : તે ધીમે પગલે ઘર તરફ પાછો ફર્યો...

'સાડાસાત ?'

'સાડાસાત સુધી કોઈ દિવસ નાનાભાઈ રોકાય નહીં. એ તો એવો બીકણ છે કે જરાક અંધારું થયે ઘેર પાછો ફરે.'

કેશીને પાડોશણે સાડાસાત વાગ્યાના સમાચાર આપ્યા, ત્યારે બારણાની સાંકળ વાસીને બહાર નીકળતાં નીકળતાં બોલી ગઈ, ને તરત જ નાનાભાઈની શોધ કરવા ચાલી નીકળી.

પણ નાનાભાઈનો પત્તો લાગે તેમ હતું નહીં. આજે છમાસિક પરીક્ષાનું પરિણામ આવ્યું હતું. નાનાભાઈ બધા જ વિષયમાં નાપાસ હતો. અને 'નાપાસ' થવાની નવી માએ આપેલી ધમકી તેને હજી સાંભરતી હતી. બીજું તે શું કરે ? તેનો પગ ઘેર આવવા ઊપડ્યો જ નહીં.

કેશીએ ખૂબ શોધખોળ કરવા માંડી. પોતાના હણમાનદાદાની દેરી ચણાવીને હણમાનને સોનાથી મઢાવવાની માનતા માની. એની આંખમાં આંસુ તો ક્યાંય સમાય નહિં. 'એ નાનાભાઈ !' 'એ નાનાભાઈ !' કરતી આખે રસ્તે બૂમાબૂમ કરે; પણ નાનાભાઈનો પત્તો ન જ લાગ્યો તે ન જ લાગ્યો. 'અરેરે ! તારી નવી મા તો ઠીક, પણ સગી મા મને કેવો ઠપકો આપશે ? એ નાનાભાઈ !

ભયંકર બનીને જંગલમાંથી પડઘા જ

પાછા ફર્યા. બીજે દિવસે નિશાળે ગઈ. માસ્તરને કહ્યું : 'અમારો નાનોભાઈ ડાહ્યો છે તે નાપાસ પડે નહિ' માસ્તરે કહ્યું : 'તમારો નાનોભાઈ બહુ ડાહ્યો છે; એટલે જ નાપાસ પડ્યો છે.' બધાએ હસાહસ કરી મૂકી, ને વીલે મોંએ કેશી ત્યાંથી પાછી ફરી.

નાનાભાઈ ક્યાંય મળ્યો નહીં.

જ્યારે ભૂધરને આ સમાચાર મળ્યા ત્યારે તે ગાંડા જેવો બની ગયો. શેઠાણીએ ટોણો માર્યો : 'મોકલો મોકલો, ત્રણ બદામડીની નોકરડીને ભેગી મોકલો.'

ભૂધરે ખોળાખોળ કરી; પણ નાનાભાઈનો પત્તો તો મળ્યો જ નહીં.

તે દિવસથી ભૂધરનો આગ્રહ છતાં, કેશી કોઈ દિવસ તેને ઘેર જતી નથી. જેવી શાંતિથી તે રહેતી તેવી જ શાંતિથી દળણાં દળવાનું કે કાંતવાનું કામ ઉપાડી લીધું. સવારે વહેલી ઊઠીને દસ વાગ્યા સુધી દળણું દળવું, ને રાત્રે ઠંડીઠંડી ચાંદનીમાં કાંત્યા કરવું. એ કોઈ દિવસ કામથી નવરી પડતી નહીં : દિવાળી હોય કે બેસતું વર્ષ હોય, તેની ઘંટીનો અવાજ સવારમાં અચૂક સંભળાવાનો. રાત્રે મીઠી ચાંદનીમાં રેંટિયાનો સ્વર એવો તો મીઠો લાગે કે પાડોશીનાં છોકરાં ઘણી વખત એના પગ પાસે સૂઈ જતાં.

એકબે કરતાં અખંડ બાર વર્ષ વીતી ગયાં. ભૂધરે નાનાભાઈની આશા છોડી દીધી. છોકરો હાથથી ખોયો, એ વિચાર આવતાં ઘણી વખત તે ગળગળો બની જતો. શેઠાણી મનમાં ખુશ હતાં, પણ મોંએથી તો 'આ નાનકો ખોવાણો ન હત તો મારા બાબુને આજે ઓથ થાત. ભવિષ્ય કાંઈ ટળે છે?' એવી વાતો ગામની સ્ત્રીઓ પાસે કરતાં. દુનિયામાં સત્ય સૌ જાણે છે, પણ ચલાવી લેવાનું ડહાપણ એવું ઘર કરી ગયેલ હોય છે કે કોઈ કોઈને અમસ્તું માઠું લગાડતું જ નથી. એટલે ગામની સ્ત્રીઓ પણ 'હા બાઈ, તમારા પેટના દીકરા જેવો દીકરો ગયો છે તે બળે તો ખરું જ, પણ એનાં નસીબ આપણે શું કરીએ?' એવું કહેતી.

સૌને ખાતરી હતી કે નાનાભાઈ તો ક્યાંય કમોતે મરી ગયો. માત્ર દળણાં દળનારી ને રેંટિયો કાંતનારી ડોશી કેશી હરરોજ ઊઠીને કહેતી કે આજે સાંજે નાનાભાઈ આવ્યો દેખાડું; પણ એવી તો કેટલીયે સાંજો ચાલી ગઈ; નાનાભાઈ આવ્યો નહિ, ને આડોશી પાડોશી સૌ કહેવા લાગ્યાં કે સવારે પાંચદસ મિનિટ ડોશીનું ભેજું ખસેલું રહે છે.

ચોમાસાની ઋતુ હતી. મેઘલી રાત જામી ગઈ હતી. ઋતુમાં ભીનાશ હતી, ને પોતે એક અઠવાડિયા થયાં તાવથી પીડાતી હતી. એટલે કેશી તો વહેલી વહેલી પથારીમાં પડીને સૂઈ જવા લાગી.

પણ આજે નિદ્રાનો દિવસ ન હતો. આજે જાણે વર્ષોનાં સ્મરણો જાગ્યાં હોય. તેમ છેક નાનપણથી માંડી આજ સુધીનો ઈતિહાસ તે વાંચી રહી હતી.

વૃદ્ધાવસ્થામાં ઘણી વખત માણસને બાળપણના પ્રસંગો, સ્વજનો અને માયાભર્યું ઘર સાંભરે છે. જેના જીવનમાં ભયંકર દોષો નથી હોતા તે અંતકાળે પોતાનું ઘર, ઝાડની છાયા, ફળી, શેરી, માતા, એવાએવા બાળપણના સંસ્કારો સંભારતા મૃત્યુ પામે છે. આ સંસ્કારોની જાગૃતિ એ મૃત્યુની આગાહી છે. આજે કેશી ભૂતકાળમાં વરસ ખસી જઈને, જાણે નાની દીકરી હોય તેમ માના ખોળામાં રમી રહી! પોતે વૃદ્ધ છે, માંદી છે, એકલી છે, એ બધું ભાન ભૂલી ગઈ હતી. તે ભયંકર રીતે માંદી ન હતી. પણ જીવનમાં પરિશ્રમ વેઠનારાં જીવી જીવીને થાકી જાય છે, ત્યારે જાણે થાકમાં વિસામો લેતાં હોય એવી રીતે માંદા પડે છે. કેશી પણ વિસામો લેતી હોય એવી રીતે માંદી હતી.

અને ધીમે ધીમે જેમજેમ તે ભૂતકાળમાંથી વર્તમાનમાં આવતી ગઈ, તેમતેમ તેને વધારે ને વધારે થાક ચડવા લાગ્યો : છેક ત્યાં આવી પહોંચી કે જ્યાં પોતે 'નાનાભાઈ!' કહીને રડી રડીને જંગલ ગજાવ્યું હતું.

અને તે અચાનક સફાળી બેઠી થઈ દીવો જાણે હાલ્યો હોય કે ગમે તેમ, પણ તેણે કોઈનો પડછાયો જોયો : અને તે નાનાભાઈનો પડછાયો હતો એમ એને ખાતરી થઈ ગઈ. તે સફાળી બારણા તરફ ચાલી, ને 'નાનાભાઈ બેટા આવ્યો ના' કહેતીકને તેણે બારણું ઉઘાડ્યું.

બહાર ઘોર અંધારું હતું. માત્ર થોડાંક પાન ધીમે ખખડતાં હતાં. પણ આકાશ ઘેરાયેલું હતું. પવન બંધ જેવો હતો, ને વરસાદનાં ટીપાં પડુંપડું થઈ રહ્યાં હતાં.

'નાનાભાઈ, આવીને ક્યાં ગયો?' ......શેરીમાં છેટે માત્ર એક કૂતરું જવાબમાં રડ્યું. કેશી આગળ વધી. 'બીજે ક્યાં? ભૂધરભાઈને ત્યાં નાનાભાઈ ગયો હશે.'

નાનકડા ગામડામાં રાત્રે દશ વાગે તો ધારણ વળી જાય. કેશી ભૂધરભાઈને ત્યાં પહોંચી, ત્યારે સૌ ઘસઘસાટ ઊંઘી ગયાં હતાં. માત્ર ડેલીએ એક પસાયતો, ઉધરસ ખાતો, ખાટલામાં પડખાં ફેરવતો હતો. કેશીએ તેને જ પકડ્યો. 'ઉઠ ઉઠ, નથુ, નાનાભાઈ આવ્યા છે.'

નથુએ ઉધરસમાં કાંઈ સાંભળ્યું નહિ કેશીએ ફરી હાંક મારી : 'નથુ સાંભળ્યું? નાનાભાઈ, આપણા નાનાભાઈ, સમજ્યો? નાનાભાઈ આવ્યા છે.'

'હેં!' કહીને નથુ બેઠો થયો : 'ક્યાં છે? કોણ આવ્યું?'

'લે ખબર નથી? નાનાભાઈ આવ્યા

ઘરમાં ગયા ભૂધરભાઈને જગાડ.'

નથુ કાંઈ સમજ્યો નહીં પણ પહેલવહેલી વધામણી ખાવાના ઉમળકામાં તે એકદમ ફળીમાંથી ભૂધરને બોલાવવા લાગ્યો.

'ભૂધરભાઈ! મુખી! ભૂધરભાઈ! મુખી! સાંભળ્યું? નાનાભાઈ આવ્યા! નાનાભાઈ - આપણા નાનાભાઈ.'

ભૂધર ભાનભૂલ્યાની પેઠે 'હેં! હેં!' કરતો બહાર આવ્યો. બહાર જુએ છે તો માત્ર કેશી સામે ઊભી છે.

'કોણ?'

'એ તો હું કેશી ભાઈ, સમાચાર દેવા આવી છું.' મને હણમાને સુઝાડ્યું છે, કાલે કંસારનું જમણ કરજો, મારા હણમાનદાદાને ધરાવજો અને હણમાનદાદાને સોને મઢાવજો, અને એક દેરી બંધાવજો, અને હવે હું જાઉં છું!'

'અરે! મર, મર, તું આવી શું કરવા?'

'હા, હા, હું ભૂલી ગઈ. નાનાભાઈ કાલે સાંજે અહીં આવશે.'

'કોણે કહ્યું?'

'જાણે મારા મનમાં ઊગી નીકળ્યું છે! પણ જરાક હણમાનદાદા પાસે જઈ આવું!'

કોઈ રોકે તે પહેલાં સડસડાટ તે વાડામાં ગઈ. પા કલાકમાં પાછી ફરી.

'ઠીક લ્યો ત્યારે, મુખી. રામરામ! બોલ્યું ચાલ્યું માફ કરજો અને તમારો દીકરો પાછો આવ્યો છે, હવે તમારું કોઈ રણ મારા ઉપર નહિ હો.'

'એ જા જા, ગાંડી! જા - નથુ આ ગાંડી થઈ ગઈ લાગે છે. એને સંભાળીને ઘેર પહોંચાડજે.'

જવાબમાં કેશી ખડખડાટ હસી પડી.

મુખી ભડક્યો. આ હસવું માણસનું નહીં : આ તો કોઈક ગાંડી લાગે છે! 'નથુ! ગાંડી છે, સંભાળજે હો, સંભાળજે, ભાઈ!'

બીજે દિવસે મુખી એ વાત ભૂલી ગયેલા. નથુ ગાંડી કેશીની વાત બીજા સિપાઈઓને સંભળાવતો હતો. એટલામાં બરાબર સાંજના છ વાગે એક જુવાન માણસ ઘોડા પર ચઢીને આવતો દેખાયો. એની આગળ હાંફી ગયેલો પટાવાળો મુખીને ખબર કરવા દોડતો આવતો હતો. બીજી તરફથી નથુ દોડતો હતો.

'મુખી સાબ!'

'કેમ શું છે?'

'આપણા નાનાભાઈ!' ઘોડાવાળા જુવાનને છેટેથી દેખાડતાં પેલા પટાવાળાએ કહ્યું.

ભૂધર હાંફળોફાંફળો થઈ ઘોડાવાળા જુવાનને જોવા બહાર નીકળ્યો. એ વખતે નથુ આવી પહોંચ્યો. 'કેમ નથુ! શું છે? એલા, કેમ દોડતો આવે છે?'

'સાબ! કેશી ડોશી મરી ગઈ!'

'હેં!'

એટલામાં તો ઘોડાવાળો જુવાન છેક પાસે આવી પહોંચ્યો. તે સપાટાબંધ ઘોડા પરથી નીચે ઉતર્યો : 'બાપા, ઓળખો છો?' 'અરે ભાઈ, તમારા તો જાપ જપીએ છીએ તમે ક્યાંથી?' સિપાઈ, પટાવાળા, માણસો સૌ એકસાથે બોલી ઊઠ્યાં.

'ત્યારે મારે પહેલવહેલાં કેશી-કેસરબાઈને મળવું છે. ક્યાં છે? ઘરમાં છે? હવે નોકર નથી?'

બધાનાં મોં પર એક જાતની ગંભીર શાંતિ છવાઈ ગઈ. કોઈએ કાંઈ જવાબ આપ્યો નહીં.

'મને છેલ્લા આઠ દિવસ થયાં બહુ કનડ્યો છે એણે.'

'એમ? શું?'

'હંમેશાં સ્વપ્નમાં આવે, ગાંડી જેવી. ''તું હવે ઘેર આવી જા. મારું મોત બગડે છે. હણમાનદાદાએ કહ્યું છે.'' - અને એવું એવું.'

નથુ અને મુખી એકબીજા સામે જોઈ રહ્યા.

'પણ કેશી છે ક્યાં? એને બોલાવો તો?'

'કેશી હણમાનદાદાની અતિશ્રદ્ધાથી ગાંડા જેવી થઈ ગઈ હતી. હંમેશાં તું આવશે એમ કહ્યાં કરતી કાલે, પણ કહી ગઈ. અને આજે....'

'અને આજે?'

'બેટા, કેશી મરી ગઈ?'

'હેં?'

'બિચારી સુખી થઈ. ગાંડી થઈ ગઈ હતી.'

નાનાભાઈ ધબ દઈને નીચે બેસી ગયો. તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

'અરેરે! ત્રણ દિવસ પહેલાં જ એણે કહ્યું હતું કે તું ઝટ આવજે, નહીંતર મને નહીં મળે અને મને એ ફરીવાર ન મળી : ન મળી તે ન જ મળી. હું છેવટ સુધી શંકા અને તર્કમાં જ રહ્યો. કેશી, મા, તને હવે નહીં જ મળાય એમ?' પાસે ઊભેલા સૌના મોં પર આ શુદ્ધ દાસીની સાચાઈએ છાનાં આંસુ વહેવરાવ્યાં.

ને એવી રીતે આખું ગામ કેશીની પાછળ રડતું સ્મશાને ગયું.

ભૂધરે કેશીના ખડબચડા હણમાન માટે એક દેરી કરાવી, ને તેમાં ધામધૂમથી હણમાનને પધરાવ્યા. દેરીના તક્તામાં નાનાભાઈએ આટલું લખાવ્યું :

'અતિશ્રદ્ધા એ એક પ્રકારનું ગાંડપણ હશે : પણ અતિતર્ક એ બીજા પ્રકારનું ગાંડપણ છે. દુનિયામાં બેવકૂફાઈ બે જાતની છે : અતિશ્રદ્ધાની અને અતિતર્કની. દુનિયામાં મૂર્ખ પણ બે પ્રકારના છે : બધું જ અગમ્ય છે એમ સમજનારા ને બધું જ ગમ્યું છે એમ માનનારા.'

❖❖❖



# છેલ્લી સવારી

ડૉ. આઇ. કે. વીજળીવાળા

રાત્રિનો એકાદ વાગ્યો હશે. પરદેશમાં એક ટેક્સી ડ્રાઈવર એની રાતની શિફ્ટ પૂરી કરવાની ઉતાવળમાં હતો. આગળના એકાદ દિવસનો ઉજાગરો હોવાથી એને જલદી પોતાને ઘરે પહોંચીને આરામ કરવો હતો. એ જ વખતે એને એક કૉલ મળ્યો. એ થોડોક વિચલિત થઈ ઊઠ્યો. એનું મન કહેતું હતું કે કૉલ નહીં ઉપાડવો. ત્રીસ મિનિટ પછી તો આમેય એ છૂટવાનો જ હતો! એટલે જો આ એક કૉલ જતો કરે તો પછી તો છેલ્લી ત્રીસ મિનિટમાં ટેક્સી-કંપની એને નવી સવારી માટે ક્યારેય ન કહેતી.

મન ન હોવા છતાં એણે ફોન ઉપાડ્યો. કંપનીની ઓફિસે એને સરનામું આપ્યું. એણે એ તરફ ટેક્સી વાળી. અપાયેલા સરનામે પહોંચીને જોયું તો સાવ નિર્જન વિસ્તારમાં એક એકલું-અટૂલું ઘર ત્યાં હતું. ટેક્સી ઊભી રાખીને એણે હોર્ન માર્યું. કોઈ જવાબ ન મળ્યો. થોડી વાર એ એમ જ ઊભો રહ્યો. એ પછી ફરી એક વાર એણે હોર્ન માર્યું. ફરી એમ જ બન્યું. ઘરમાંથી કોઈએ જવાબ ન આપ્યો. ઘરમાંથી કોઈ અવાજ કે હલનચલન ન જણાતાં એને ત્યાંથી જતા રહેવાનું મન થયું. થાકેલું શરીર આરામ માટે કહેતું હતું. ઊંઘ તો આવતી જ હતી, કંટાળો પણ એટલો જ આવતો હતો. પરંતુ જાણે કોઈ અદૃશ્ય શક્તિ દોરતી હોય એમ એણે ત્યાંથી જતા રહેવાનો વિચાર માંડી વાળ્યો. ટેક્સી બંધ કરીને એ નીચે ઊતર્યો. ઘરના બંધ દરવાજા પાસે જઈને બેલ વગાડી.

'એક મિનિટ ભાઈ!' ઘરની અંદરથી એક સાવ ધીમો અને નબળો અવાજ આવ્યો. એની સાથે જ કંઈક જમીન પર ઢસડાતું હોય એવો અવાજ પણ સંભળાયો.

એ ડ્રાઈવર એમ જ ઊભો રહ્યો. બીજી પાંચેક મિનિટ પસાર થઈ ગઈ પછી દરવાજો ખૂલ્યો. ડ્રાઈવરે જોયું તો નેવું વરસ વટી ગઈ હોય એવી એક જીર્ણશીર્ણ વૃદ્ધા સામે ઊભી હતી. એની બાજુમાં નાયલોનની એક સૂટકેસ પડી હતી. એણે અંદર નજર કરી તો ઘરમાં એક પીળો, ઝાંખો બલ્બ સળગી રહ્યો હતો. ઘરમાં જે કાંઈ ફર્નિચર હતું એ સફેદ કપડાથી ઢાંકેલું હતું. એક તો એ ઘર સાવ નિર્જન વિસ્તારમાં આવેલું હતું, એમાંય આટલી હદે વૃદ્ધ સ્ત્રીએ બારણું ખોલ્યું હતું અને એ પણ ઓછું હોય એમ ઝાંખા પીળા પ્રકાશમાં સફેદ કપડાથી ઢંકાયેલું ફર્નિચર નજરે પડતું હતું! એ બધું જાણે એ આખો માહોલ કોઈ ભૂતિયા માહોલ હોય એવી પ્રતીતિ કરાવતું હતું. ડ્રાઈવરનું હૃદય ફક્ત બે ક્ષણ માટે વધારે ઝડપથી ધડકી ગયું, પણ ફક્ત બે જ ક્ષણ માટે! એ પછી એણે તરત પોતાના પર કાબૂ મેળવી લીધો.

'ભાઈ! તમે મારી બેગ ટેક્સી સુધી પહોંચાડશો, પ્લીઝ?' પેલાં માજીએ કહ્યું.

કાંઈ પણ બોલ્યા વિના ફક્ત માથું હલાવીને 'હા' પાડીને ટેક્સી-ડ્રાઈવરે એમની નાયલોનની બેગ ઊંચકીને ટેક્સી તરફ ચાલવા માંડ્યું. બેગને ગાડીની ડિકીમાં મૂકતી વખતે એણે વિચાર કર્યો કે કદાચ માજીને એના ટેકાની જરૂર પડી શકે. એ પાછો ફર્યો. ખરેખર એવું જ હતું. એની રાહ જોતાં હોય અથવા પોતે ટેક્સી તરફ જવાનું છે એ અચાનક ભૂલી ગયાં હોય એમ એ માજી ત્યાં જ ઊભાં હતાં. ડ્રાઈવરે એમનો હાથ પકડીને ધીમે પગલે એમને ટેક્સી તરફ દોર્યા.

એનું આવું સરસ વર્તન જોઈને માજી બોલ્યાં, 'ભાઈ, તમારો ખૂબ ખૂબ આભાર! મને અંધારામાં ચાલતી વેળા પડી જવાની બીક લાગતી હતી. સારું થયું તમે મને ટેકો કર્યો!'

'નહીં માજી! મારી પોતાની બા હોય તો શું હું આમ ન કરું?' ડ્રાઈવરે અત્યંત નમ્રતાપૂર્વક જવાબ આપ્યો, 'આ તો મારી ફરજ છે!'

સ્ટ્રીટ-લાઈટના ઝાંખા અજવાળામાં પણ ડ્રાઈવર માજીની આંખોમાં આવી ગયેલાં આંસુને સ્પષ્ટ જોઈ શકતો હતો.

ટેક્સીમાં બેઠાં પછી એમણે પોતાને જે જગ્યાએ જવાનું હતું એ સરનામાની ચિઠ્ઠી ડ્રાઈવરના હાથમાં મૂકી. એણે ધ્યાનથી સરનામું જોયું અને મનમાં ને મનમાં કયા રસ્તેથી જવું એ નક્કી કરી લીધું. એ પછી કાર સ્ટાર્ટ કરવા એણે હાથ લંબાવ્યો. એ ચાવી ઘુમાવે એ પહેલાં પાછળની સીટ પરથી માજી બોલ્યાં, 'ભાઈ, તમે મુખ્ય શહેર (ડાઉન-ટાઉન)માંથી ચલાવશો પ્લીઝ?'

ડ્રાઈવરને નવાઈ લાગી. ચાવી ઘુમાવવા લંબાવેલો હાથ એમ જ ચાવી પર રાખીને એણે કહ્યું, 'પરંતુ માજી! એ તો ખૂબ લાંબો રસ્તો થશે, ઉપરાંત તમારે જે સરનામે જવાનું છે એની બિલકુલ વિરુદ્ધ દિશામાં

છે ! તમારી કાંઈક ભૂલ થઈ રહી હોય એવું તમને નથી લાગતું ?'

માજી બે મિનિટ એની સામે જોઈ રહ્યાં. પછી બોલ્યાં, 'ભાઈ ! મને ખબર છે કે એ વધારે લાંબો અને સાવ ઊંધો રસ્તો થશે ! જો તમને ઉતાવળ ન હોય તો એ રસ્તેથી લેશો પ્લીઝ ? મારે કશી જ ઉતાવળ નથી. હું જ્યાં જઈ રહી છું ત્યાંથી મૃત્યુ પહેલાં હું હવે ક્યારેય બહાર આવવાની નથી. હું હોસ્પાઈસ હોમમાં જઈ રહી છું.'

ડ્રાઈવરે રિયર-વ્યૂ મિરરમાંથી જોયું. માજીની આંખો છલોછલ હતી. ભીની આંખે જ એમણે કહ્યું, 'ડોક્ટરે મને જણાવ્યું છે કે મારી પાસે હવે વધારે સમય બચ્યો નથી. એટલે હોસ્પાઈસ હોમમાં જતાં પહેલાં હું છેલ્લી વખત મારા અત્યંત વહાલા શહેરને મનભરીને જોઈ લેવા માગું છું. મોત મને એની સાથે લઈ જાય એ પહેલાં ડાઉન-ટાઉનની એક ઝલક જોઈ લેવાની મારી ઈચ્છા છે. હા ! તમારી પાસે સમય હોય તો જ ! જતાં જતાં કોઈને તકલીફ પડે એવું હું નથી કરવા માગતી. જો તમે એ રસ્તે લઈ શકો એમ હો તો જ નહીતર સીધા રસ્તે જવું હોય તો પણ મારો કોઈ વિરોધ નથી !''

ટેક્સી ડ્રાઈવરે બેચાર મિનિટ મિરરમાંથી એમની સામે જોયા કર્યું. પછી ધીમેથી ટેક્સીનું મીટર બંધ કર્યું અને પૂછ્યું, 'બોલો ! ડાઉન-ટાઉન કયા રસ્તેથી લઉં ?'

'ગમે તે રસ્તેથી જશો એ મને ગમતો રસ્તો જ હશે ! એટલે ગમે ત્યાંથી લ્યો. હા, હું કહું ત્યાં થોડી થોડી વાર ઊભી રાખશો તો મને ખૂબ ગમશે. મેં એ વિસ્તારમાં જીવન વિતાવ્યું છે. જોકે મારાં કુટુંબના બધા સભ્યો મૃત્યુ પામ્યા છે. હું એક જ બચી છું. મારે હવે કોઈ સગું કે કોઈ વહાલું બચ્યું નથી, બસ એમની યાદો બાકી રહી છે. એ બધી યાદોને મારે ફરી એકવાર તાજી કરવી છે. ડાઉન-ટાઉન હંમેશાં મારી પ્રિય જગ્યા રહી છે. તમે ગમે ત્યાંથી ચલાવશો એ જગ્યાએથી હું ક્યારેક તો પસાર થઈ જ હોઈશ !'

ટેક્સી ડ્રાઈવરે ડાઉન-ટાઉન તરફ ટેક્સી લીધી, એક બિલ્ડિંગ પાસે માજીએ ટેક્સી ઊભી રખાવી. પછી એ બિલ્ડિંગને ઘણી વાર સુધી અપલક નેત્રે જોયા પછી કહ્યું, 'હું અઢાર વરસની હતી ત્યારે આ બિલ્ડિંગમાં લિફ્ટ ઓપરેટર તરીકે કામ કરતી હતી. એ વખતે કેટલા બધા લોકોને મળવાનું થતું હતું ! વિવિધ મૂડ અને સ્વભાવવાળા લોકો સાથે રોજ મુલાકાત થતી. કોઈ દુઃખી તો કોઈ સુખી ! કોઈ હસતું તો કોઈ ગમગીન ! વાહ ! એ માનવોનો મેળો હું રોજ માણતી ! અને હવે... !' એ બોલતાં બંધ થઈ ગયાં અને જાણે સમયને કોઈ મૌન ફરિયાદ કરતા હોય એમ નિસાસો નાખ્યો.

એ પછી એક જૂના મકાન પાસે એમણે ટેક્સી ઊભી રખાવતાં કહ્યું કે એ એમનું સૌથી પ્રિય મકાન હતું. એમણે એમના પતિ સાથે જિંદગીના સૌથી સરસ દિવસો એ ઘરમાં વિતાવ્યા હતા. એ ઘર એમના દામ્પત્યજીવનનું સાક્ષી હતું. પરિણીત જીવનની બધી ખાટી-મીઠી, બાળકોની યાદો, સગાંઓ સાથેના પ્રસંગો એવું ઘણું બધું એમણે ટૂંકમાં વર્ણવ્યું. જ્યારે ગળામાં ડૂમો ભરાવાથી શબ્દોએ દગો દીધો ત્યારે એ લોકો ત્યાંથી આગળ વધ્યા.

આગળ એક ખૂબ જૂના દેખાતા મકાન પાસે ઊભા રહેતાં એમણે જણાવ્યું કે વરસો પહેલાં એ મકાન એક ક્લબ હતી અને પોતે ડાન્સ શીખવા એ ક્લબમાં નિયમિત આવતાં. એટલું કહીને એમણે ક્લબ સામે એ રીતે જોયા કર્યું જાણે પચાસ વરસ પહેલાંની પોતાને જ ડાન્સની પ્રેક્ટિસ કરતાં ન જોઈ રહ્યાં હોય ? !

એ પછી ત્રણેક કલાકથી વધારે સમય સુધી ડાઉન-ટાઉનમાં એમની રખડપટ્ટી ચાલી. માજી ક્યારેક ઘણી બધી વાતો કરતાં તો ક્યારેક ચૂપચાપ એકે એક બિલ્ડિંગ અને પસાર થતી દરેક શેરીને અપલક દૃષ્ટિએ જોયા કરતાં. ક્યારેક કોઈ બિલ્ડિંગ પાસે ટેક્સી ઊભી રખાવીને નીચે ઊતરતાં, એ બિલ્ડિંગના ઓટલે થોડીવાર બેસી જતાં તો ક્યારેક એવી બિલ્ડિંગને મિનિટો સુધી બસ જોયા જ કરતાં.

લગભગ સાડા-ત્રણ કલાક એમ જ ફર્યા પછી માજીએ ટેક્સી ડ્રાઈવરને કહ્યું, 'ભાઈ ! હવે હું થાકી ગઈ છું. હવે મેં આપેલા સરનામે લઈ લો.'

ટેક્સી ડ્રાઈવરે કાંઈ પણ બોલ્યા વિના હોસ્પાઈસ હાઉસ તરફ ટેક્સી વાળી. એ અર્ધો કલાક ન તો ડ્રાઈવર કંઈ બોલ્યો કે ન તો એ માજી કશું બોલ્યાં ! એ લોકો જ્યારે નર્સિંગ હોમ પહોંચ્યા ત્યારે જાણે માજીની રાહ જ જોઈ રહ્યા હોય એમ બે વોર્ડબોય તરત જ બહાર આવ્યા. ટેક્સી ડ્રાઈવરે ડિકીમાંથી સૂટકેસ બહાર કાઢી ત્યાં સુધીમાં માજીને વ્હીલચેરમાં બેસાડી દેવામાં આવ્યાં હતાં.

ટેક્સી ડ્રાઈવર નજીક આવતાં જ માજીએ પોતાનું પર્સ ખોલ્યું અને પૂછ્યું, 'ભાઈ ! મારે તમને શું આપવાનું થાય છે એ જણાવશો ?'

'કશું જ નથી આપવાનું !' ટેક્સી ડ્રાઈવરે જણાવ્યું.

'અરે ભાઈ ! તમારે ઘર નથી ચલાવવાનું ? આમ ધર્માદો કરતાં રહેશો તો ઘર કેમ ચલાવશો ? આ વૃદ્ધા પાસે એટલા પૈસા તો છે જ ! તમે જે ભાડું થતું હોય એ લઈ લો !'

'એ માટે બીજા ઘણા પેસેન્જર્સ મળી

રહેશે અને હું અન્ય સવારીઓમાંથી ઘણું કમાઈ લઉં છું !' ટેક્સી ડ્રાઈવરે જવાબ આપ્યો.

એનો જવાબ સાંભળીને માજી વ્હીલચેરમાંથી ઊભાં થઈ ગયાં. ટેક્સી ડ્રાઈવરને વળગીને રડતાં રડતાં પહેલી વાર એને તુંકારે બોલાવતા કહ્યું, 'થેન્ક્યુ ! મારા ભાઈ, તને ખબર છે કે તે આજે એક એકાકી વૃદ્ધ સ્ત્રીને એની વીતી ગયેલી જિંદગીને ફરીથી અલપઝલપ માણવાનો અને જોઈ લેવાનો મોકો આપ્યો છે ? મારી પાસે તારો આભાર માનવાના યોગ્ય શબ્દો પણ નથી. બસ, એટલું જ કહીશ કે તે મને ફરીથી એ જ ગલીઓમાંથી પસાર થવાની તક આપી જે ગલીઓ મારી યાદદાસ્ત જેવી ધૂંધળી બની ગઈ હતી. આભાર મારા દીકરા ! મને ફરી વખત મારી આખી જિંદગી દેખાડવા બદલ ! થેન્ક્યુ, વન્સ અગેઈન !'

એટલું બોલી, આંખો લૂછતાં માજી વ્હીલચેરમાં બેસી ગયાં. પછી પોતાને અંદર લઈ જવા માટે વોર્ડબોયઝને ઈશારો કર્યો.

ભીની આંખે અને પીગળી રહેલા હૃદય સાથે ટેક્સી ડ્રાઈવર ટેક્સી તરફ આગળ વધ્યો. પાછળથી નર્સિંગ હોમનો દરવાજો બંધ થવાનો અવાજ આવ્યો. એણે પાછા ફરીને ન જોયું. એને ખબર હતી કે ભલે દુનિયા પર એક નવો દિવસ ઊગી રહ્યો હતો, પણ પાછળથી જે અવાજ આવ્યો હતો એ એક જિંદગી આથમવા જઈ રહી હતી એનો હતો !

૦૦૦

એ પછી એ ટેક્સી ડ્રાઈવરે બીજી એક પણ સવારી લીધી નહીં. એ આખો દિવસ એ કોઈ કામ વગર અહીંથી તહીં ભટકતો જ રહ્યો. એને વારંવાર એક જ વિચાર આવતો હતો કે જો પોતે બે વખત હોર્ન મારીને જતો રહ્યો હોત તો ? જો પોતાની જગ્યાએ જલદી શિફ્ટ પૂરી કરવાની ઉતાવળ કરવાવાળો કોઈ બીજો ડ્રાઈવર હોત તો ? જો પોતે જ આ રીતે લાંબો રસ્તો લેવાની ના પાડી દીધી હોત તો ? પોતે કોઈ મોટું કે મહાન કામ નહોતું કર્યું એની એને ખબર જ હતી, પરંતુ એણે જે કાંઈ કર્યું હતું એનાથી એની જિંદગીમાં એક મોટો ફેરફાર આવી જવાનો હતો એની તો એને ખાતરી જ હતી !

❖❖❖

## મહાભારત (એક માથાકૂટ) !

જે કરવાનાં હતાં જ નહીં એ કામ કર્યાની માથાકૂટ છે,
મોરપિચ્છને હડસેલીને મુકુટ ધર્યાની માથાકૂટ છે. — કૃષ્ણ
રોજ પ્રતિજ્ઞાની શૈયા પર સૂતી વખતે એને થાતું,
ઈચ્છાને આધીન રહી આ નહીં મર્યાની માથાકૂટ છે. — ભીષ્મ
સમજણની નજરેથીયે ના સમજે તો સમજી લેવાનું
પુત્રમોહમાં આંખોએ અંધાર વર્યાની માથાકૂટ છે. — ધૃતરાષ્ટ્ર
આંખો પર પાટા બાંધો એ દષ્ટિનું અપમાન જ છે ને ?
આમ જુઓ તો હકીકતોથી રોજ ડર્યાની માથાકૂટ છે. — ગાંધારી
નહીંતર એવી કઈ મા છે જે વ્હાલ નદીમાં તરતું મૂકે ?
કુંવારા સપનાએ સૂરજ સહેજ સ્મર્યાની માથાકૂટ છે. — કુંતી
નથી જાણતા એમ નથી પણ કોઈ પૂછે તો એ બોલે છે,
જીવન બીજું કશું નથી, આ ભેદ ભર્યાની માથાકૂટ છે. — સહદેવ
ખેંચાતા વસ્ત્રોના કંઠે માંડ આટલા શબ્દો નીકળ્યા,
હોય અંધના અંધ, એટલા વેણ ઝર્યાની માથાકૂટ છે. — દ્રૌપદી
સો સો હાથીનું બળ પણ લાચાર બની ચિત્કારી ઊઠ્યું,
વચનોમાં બાંધી બાંધી આ પળ ઉતર્યાની માથાકૂટ છે. — ભીમ
કવચ અને કુંડળની સાથે જીવ ઉતરડી પણ આપું કે ?
હોવું એ તો અકસ્માત છે, તેજ ખર્યાની માથાકૂટ છે. — કર્ણ
તાકેલો નિશ્ચય ધ્રૂજે તો એને પણ કહેવું જ પડે છે
હા અથવા ના ની વચ્ચોવચ આમ ફર્યાની માથાકૂટ છે. — અર્જુન
અંગૂઠો ખોયાનો અમને રંજ હજુયે છે જ નહીં
બસ ખોટી મૂરત સામે સાચા થઈ ઊભર્યાની માથાકૂટ છે. — એકલવ્ય
છેક સાતમા કોઠામાં ઘેરાયેલા સાહસને લાગ્યું,
માના કોઠામાંથી હોંકારા ઉચર્યાની માથાકૂટ છે. — અભિમન્યુ
મૃત્યુ સામે કપટ હારતું લાગ્યું ત્યારે સમજાયેલું,
કેવળ પાસામાં જ અમારો જીવ ઠર્યાની માથાકૂટ છે. — શકુનિ
નરોવા કુંજરો વા ની વચ્ચે ભાંગી પડતી એ પળ બોલી
વિદ્યા વેચી વેચી સામે પાર તર્યાની માથાકૂટ છે. — દ્રોણ
થાકી હારી આંસુના તળિયે બેઠા ત્યાં તો સંભળાયું,
ધર્મ જાણવા છતાં અધર્મે રહી ઉછર્યાની માથાકૂટ છે. — દુર્યોધન
અંતહીન અંધારે મારગ ઘુવડ જેમ ભટકવું એ તો,
અર્ધા જીવતા રાખી અર્ધા પ્રાણ હર્યાની માથાકૂટ છે. — અશ્વત્થામા
ક્યાં છે ને કેવું છે એ હું સમજાવું પણ કેવી રીતે ?
સત્ય એટલે મુઠ્ઠીમાંથી રેત સર્યાની માથાકૂટ છે. — યુધિષ્ઠિર
મહાકવિ તો કહેવાયા પણ સાચું કહું આ વ્યથાકથામાં,
ઊંડે ને ઊંડે વિચર્યાની માથાકૂટ છે. — વેદવ્યાસ

કૃષ્ણ દવે

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન

**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૩-૨૦૨૨ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| શ્રી ધીરજલાલ લક્ષ્મીચંદ અજમેરા - અંધેરી | ૩,૦૦,૦૦૦/- |
| માતુશ્રી સરોજબેન પૂનમચંદભાઈ અજમેરા હસ્તે વિજયભાઈ રંગપૂર (હાલ -બોરીવલી) | ૫૦,૦૦૦/- |

## સાભાર સ્વીકાર

ધાંગધ્રા નિવાસી (હાલ - અમદાવાદ) સ્વ. અરવિંદભાઈ નાગરદાસ શાહના સ્મરણાર્થે હસ્તે શ્રીમતી સુધાબેન અરવિંદભાઈ શાહ તરફથી

| | |
|---|---|
| સ્વધર્મી સહાય ફંડ | ૨૫૦૦ |
| મેડિક્લેમ સહાય ફંડ | ૨૫૦૦ |
| | ૫૦૦૦ |

સાણંદ નિવાસી (હાલ - બોરીવલી) સ્વ. આશિષભાઈ હસમુખલાલ શાહની દ્વિતિય પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ઈલાબેન શાહ

| | |
|---|---|
| સ્વધર્મી સહાય ફંડ | ૨૧૦૦ |

વઢવાણ નિવાસી (હાલ - ઘાટકોપર) પ્રવિણાબેન વસંતલાલ કોઠારી તરફથી પાણી પરબ ફંડ ૩૦૦૦

હેમલતાબેન અરવિંદભાઈ મણિયાર - પાણી પરબ ફંડ ૩૦૦૦

ધાંગધ્રા નિવાસી (હાલ - વિલેપાર્લા) વિણાબેન હર્ષદકુમાર શાહ તરફથી પાણી પરબ ફંડ ૫૦૦૦

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **મોનીલ — અનેરી** | | |
| શ્રી દિપકભાઈ મનસુખભાઈ શાહના સુપુત્ર સાવરકુંડલા નિવાસી (હાલ - ઘાટકોપર) | | |
| શ્રી અમીતભાઈ જયંતિલાલ ગોસલીયાની સુપુત્રી મોરવાડ નિવાસી (હાલ - ઘાટકોપર) | ૫૦૧ | ૫૦૧ |
| **સૌમીલ — સોનાલી** | | |
| શ્રી પરેશભાઈ ન્યાલચંદભાઈ શાહના સુપુત્ર ખેરવા નિવાસી (હાલ - અંધેરી) | | |
| શ્રી દિપકભાઈ જયંતીલાલ વોરાની સુપુત્રી સુરેન્દ્રનગર નિવાસી (હાલ - દહીંસર) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **જૈનમ — પ્રાચી** | | |
| શ્રી અનીલકુમાર વસનજી મારૂના સુપુત્ર બિદડા નિવાસી (હાલ - ગોરેગામ) | | |
| શ્રી અશોકભાઈ સુર્યકાન્તભાઈ ગાંધીની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ - ભાયંદર) | ૨૫૧ | ૨૫૧ |
| **હાર્દિક — ડોલી** | | |
| શ્રી અશોકભાઈ પરષોતમદાસ ગાંધીના સુપુત્ર દાઢાવાળા નિવાસી (હાલ - બેંગ્લોર) | | |
| શ્રી કેતનભાઈ નગીનદાસ સાપાણીની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - મુંબઈ) | ૫૦૧ | ૫૦૧ |
| **સિદ્ધાર્થ — મેહલ** | | |
| શ્રી રમેશભાઈ અમીચંદભાઈ ગોસલિયાના સુપુત્ર ગોદાવરી (સુરેન્દ્રનગર) નિવાસી (હાલ - કાંદિવલી) | | |
| શ્રી મનોજભાઈ ચંદ્રકાંતભાઈ બારવીયાની સુપુત્રી ઊપલેટા નિવાસી સૌરાષ્ટ્ર (હાલ - બેંગ્લોર) | ૨૧૦૧ | ૨૧૦૧ |
| **પાર્થ — જુહી** | | |
| શ્રી લલિતભાઈ છબીલદાસ વસાણીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - મીરારોડ) | | |
| શ્રી પરેશભાઈ રમણીકલાલ શાહની સુપુત્રી મોરબી નિવાસી (હાલ - કલકત્તા) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **ધીમંત — જસ્મીન** | | |
| શ્રી અરવિંદકુમાર છોટાલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - ઘાટકોપર) | | |
| શ્રી ગાંગજીભાઈ ભાણજીભાઈ શાહની સુપુત્રી કોડાઈ નિવાસી (હાલ - દેવલાલી) | ૫૦૧ | ૫૦૧ |
| **શેલ (C.A.) — (C.A.) ઊર્મી** | | |
| શ્રી દિલિપભાઈ ભગવાનદાસ કાપડીયાના સુપુત્ર જામખંભાળીયા નિવાસી (હાલ - ગ્રાંટરોડ) | | |
| શ્રી વિજયભાઈ મહાસુખલાલ કામદારની સુપુત્રી સુદામડા નિવાસી (હાલ - બોરિવલી) | ૫૦૧ | ૫૦૧ |

## પ્રભુતામાં પગલાં

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **ખોડલ-નીપા** | | |
| શ્રી વલ્લભભાઈ હરજીભાઈ ઘેલાલીના સુપુત્ર પીપળ નિવાસી (હાલ - સુરત) | | |
| શ્રી જયેશભાઈ ઊગરચંદ શાહની સુપુત્રી ખેરાળી નિવાસી (હાલ - નાલાસોપારા) | ૧૧૦૧ | ૧૧૦૧ |

**મહત્ત્વની સૂચના**

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ-ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ
# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- બરવાળા ઘેલા શાહ નિવાસી (હાલ - મુલુન્ડ) શ્રીમતી નયનાબેન હર્ષદભાઈ ડેલીવાળા તરફથી તેમના પૌત્ર ચિ. અક્ષતના જન્મદિવસના ખુશાલીમાં
- એક સદ્‌ગૃહસ્થ તરફથી - અંધેરી (વેસ્ટ)
- બરવાળા ઘેલાશા નિવાસી (હાલ - કાંદિવલી) શ્રીમતી સંધ્યાબેન તથા નરેન્દ્રભાઈ હરગોવિંદદાસ ડેલીવાળાની ૫૦ મી લગ્નતિથિ નિમિત્તે
- મોનાલીસા પરાગ સુરેશકુમાર ગાંધીની સુપુત્રી નવેલી આકાશ ગાંધી કપૂર લગ્ન નિમિત્તે હસ્તે સુરેશકુમાર વિરચંદ ગાંધી (હાલ - અંધેરી)
- એક સદગૃહસ્થ તરફથી (કાંદિવલી)

## સમાચાર સંકલન

### હૃદયરોગના નામાંકિત સર્જન ડૉ શ્રીપાલ દોશીનું નિધન



સુરેન્દ્રનગરના મૂઠી ઊંચેરા માનવી મનસુખલાલ રાઘવજી દોશીના સુપુત્ર, હૃદયરોગના નામાંકિત સર્જન ડૉ. શ્રીપાલ દોશીનું ૧૭ મી એપ્રિલ ૨૦૨૨ના રોજ નિધન થયું છે.

ડૉક્ટર દર્દીને માટે ભગવાન હોય છે. આ ઉક્તિને સાર્થક કરતા ડૉ શ્રીપાલભાઈ છેલ્લા ૩૮ વર્ષથી પ્રેક્ટિસ કરતા હતા. હૃદયરોગની જટિલ શસ્ત્રક્રિયાઓ કરીને તેમણે હજારો દર્દીઓને નવજીવન બક્ષ્યુ હતું. ઇંગ્લેંડ અને ઓસ્ટ્રેલિયામાં હૃદયરોગની શસ્ત્રક્રિયાનો અભ્યાસ કર્યો હોવાથી તેમની શસ્ત્રક્રિયામાં સફળતાનો દર ઘણો ઊંચો હતો.

જીવનભર પોતાના સુખ-ચેનને અવગણીને કેવળ દર્દીની પીડાને હળવી કરવામાં પ્રવૃત્ત રહેલા ડૉક્ટરને સ્વયં આરોગ્ય સંબંધિત મુશ્કેલી હતી. હૃદયરોગનો હુમલો પણ આવી ચૂક્યો હતો તેમ છતાં પોતાની એન્જિયોપ્લાસ્ટી કરાવીને પંદર દિવસમાં પાછા ફરજ પર હાજર થઈ ગયા. કીકાબાઈ હૉસ્પિટલ સાયનમાં બે હાર્ટ સર્જરી સફળતાપૂર્વક પાર પાડીને પોતાના ઘરે પહોંચેલા ડૉક્ટરને જ હૃદયરોગનો જીવલેણ હુમલો આવ્યો અને દુર્ભાગ્યે તેમને બચાવી શકાયા નહીં.

તેમના પરિવારજનો તથા સમાજને બહુ મોટી ખોટ પડી છે. સેવા અને સમર્પણના જ્વલંત પ્રતીક સમા ડૉ શ્રીપાલભાઈને ગઝલકાર 'ગની દહીંવાળા'ના શબ્દોથી સાદર શ્રદ્ધાંજલિ.

*જિંદગીનો એ જ સાચેસાચો*
*પડઘો છે 'ગની'*
*હોય ના વ્યક્તિ ને એનું*
*નામ બોલાયા કરે...*

❖❖❖

### શ્રી ઝાલાવાડી સભા મહિલા મંડળ, મુંબઈ કેન્દ્ર

### ૨૦૨૨નો પ્રથમ પ્રોગ્રામ

૪ એપ્રિલ, સોમવારના દિવસે ગરવારે ક્લબ ખાતે રાખવામાં આવ્યો હતો.આ પ્રોગ્રામ નું ખાસ આકર્ષણ મુંબઈ કેન્દ્રનાં નવા પ્રમુખ તરીખે ખંતીલા ખુમારીદાર ખુશમિજાજ શ્રીમતી ઈલાબેન શાહની નિમણૂંક કરવામાં આવી હતી.નવા પ્રમુખને વાજતેગાજતે ઝાલાવાડી સભા નાં ટ્રસ્ટી અને તેમનાં સુપુત્રી મનિષાબેન તેમનાં ફેમિલી મેમ્બર્સ તેમ જ કમિટી તરફથી હરખભેર સ્વાગત કરી લાવવામાં આવ્યાં હતાં. પ્રમુખપદની ખુશાલીમાં ઈલાબેન તરફથી મુંબઈ કેન્દ્રને રૂપિયા ૧૧૦૦૦/- નું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું . મનીષાબેને પણ આ સુંદર પ્રસંગે રૂપિયા ૩૧૦૦૦/-નું અનુદાન જાહેર કર્યું હતું.

મહામંત્ર નવકારથી શુભ શરૂઆત કરી, ઈલાબેનને કુમકુમ અને મોતીની માળા સાથે વધાવી, સહુને શાલ પહેરાવી બહુમાન કરવામાં આવ્યું હતું. ઈલાબેને સહુને સંબોધનમાં કહ્યું હતું કે આપે મારા પર જે વિશ્વાસ મૂક્યો છે તે બદલ આભાર અને આગામી વર્ષમાં વધુને વધુ સરસ પ્રોગ્રામ આપશું. આપ સહુ સારી સંખ્યામાં ઉપસ્થિત રહેશો એવી આશા રાખું છુ. આ પ્રસંગે ભૂતપૂર્વ પ્રમુખ ભારતીબેન વોરાને પણ ખૂબ યાદ કરી વિતેલાં વર્ષોમાં સાથે કરેલાં કાર્ય ને બિરદાવ્યા હતાં. તેમ જ બૃહદ મુંબઈના પ્રમુખ કોકીલાબેનની અનઉપસ્થિતિને ધ્યાનમાં રાખી યાદ કર્યાં હતાં.

મનિષાબેને પણ સરસ શબ્દોમાં પ્રાસંગિક સ્પીચ આપેલ હતી. મુંબઈ કેન્દ્ર તરફથી બૃહદ મુંબઈના દરેક કેન્દ્રમાંથી બે સભ્યોને આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું અને સર્વ કેન્દ્ર તરફથી ટોટલ રૂપિયા ૫૦૦૦/- મુંબઈ કેન્દ્રને ભેટ રૂપે આપવામાં આવેલ હતા. તેમનાં તરફથી આમંત્રિતોને ગિફ્ટ આપવામાં આવી હતી. ડી.જે અને સુંદર રમતગમતથી માહોલ ખૂબ જ ઉત્સાહિત બન્યો હતો, બહેનોએ મન મૂકીને ગેમમાં ભાગ લીધો હતો અને દરેક ગેમ્સમાં ઈનામોની વણઝાર રાખવામાં આવી હતી. ડી.જે ના તાલમાં, કોરોનાકાળ પછી બહેનો ગરબે રમવાની તક મળતાં ખૂબ મોજમાં આવી અને મન મૂકીને વરસી હતી.

અંતમાં રસ-પૂરી,પાણી-પૂરી, અને આઈસક્રીમની મોજ માણી બહેનો ખૂબ આનંદિત થઈ ગઈ હતી.

આ સમસ્ત પ્રોગ્રામને સફળ અને સરસ બનાવવામાં મીરાબેન શાહે તેમ જ કમિટીની બહેનોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

❖❖❖

# ધક્કો

**રાજેશ અંતાણી**



વિદુલાએ પતરાની ટ્રંક નજીક ખેંચી, સફેદ સાડીના છેડામાં બાંધેલી ચાવી સહેજ નીચા નમીને તાળામાં ખોસી. તાળું જૂનું હતું. સહેજ જોર કરીને ચાવી ફેરવી. ચાવી વળી જવાની બીક લાગી એટલે હળવેકથી ચાવી ફેરવી. તાળું ઊઘડ્યું. વિદુલાએ ચાવી પાછી ખેંચી લીધી. ટ્રંક ઉઘાડતાં જ વિદુલાના ચહેરા પર દયાનો ભાવ આવી ગયો. ખુલી ચૂકેલી ટ્રંકને એ જોઈ રહી. પિયરના ઘરની આ છેલ્લી યાદગીરી, લગ્ન વખતે બાપુજી આ ટ્રંક છેક અમદાવાદથી લઈ આવેલા. પછી તો આ ટ્રંક કેટલીય મુસાફરીઓમાં સાથે ને સાથે રહી છે. આજે પણ જિંદગીનો પૂરો સામાન આ ટ્રંકમાં છે. કદાચ છેલ્લી મુસાફરી સુધી આ ટ્રંક...

'ફઈબા—'

વિદુલાએ પાછળ જોયું. મીતા ઊભી હતી. નાજુક ક્ષણે આવી ચડી હોય એ રીતે ખમચાઈને બારણાને પકડીને ઉંબર ઉપર જ ઊભી હતી.

'ફઈબા-બાથરૂમમાં પાણી મૂક્યું છે. તમે નાહી લો–પછી નિરાંતે ચા-નાસ્તો કરજે, મીતા સભાન બનીને અજાણી નાજુક ક્ષણમાંથી સપ્રયત્ન બહાર આવીને બોલી.

મીતાના કુમળા અવાજની ભીનાશ વિદુલાને સ્પર્શી ગઈ. 'હા. બેટા... હમણા જ આવું છું.' વિદુલાના અવાજમાં વિવશતા અને આંખોમાંથી પાણીનો ધોધ વછૂટી પડવાની તૈયારી...

મીતા ત્યાંથી ખસી ગઈ.

વિદુલાએ વિવશતાથી ટ્રંક તરફ જોયું. ઉપર પડેલી તુલસીની માળા ઉપાડીને આંખો ઉપર મૂકી. શ્વાસ લીધો. પછી તુલસીની માળા મૂકી દીધી. કપડાંની થપ્પીઓને એક તરફ હડસેલીને ટ્રંકના તળિયામાં હાથ ફંફોસ્યો. ફ્રેમ કરેલો ફોટો હાથમાં આવ્યો. ધીમેથી ખેંચીને બહાર કાઢયો. ધીરે ધીરે ફ્રેમ કરેલો ફોટો આંખો સામે ગોઠવાયો. કાચની સપાટી પર વિદુલાનો દયનીય ચહેરો વિસ્તર્યો. કાચની સપાટીની પાછળ અરવિંદ...

વિદુલા મનની અંદર થતી ઊથલ-પાથલને રોકી ન શકી. હૈયું ભરાઈ આવ્યું. મન મૂકીને રડી પડી. ધ્રુસકે ધ્રુસકે...'

વિદુલાના ખભા પર હાથ મુકાયા. ભીની આંખોથી વિદુલાએ પાછળ જોયું તો મીતા. મીતાએ વિદુલાને ખભાથી ઊંચકી. બહાર કાઢી રાખેલાં કપડાં લઈને વિદુલાને બાથરૂમ તરફ દોરી ગઈ.

મીતાએ બારી પાસે પલંગ ગોઠવીને વિદુલાને આરામ કરવા કહ્યું. મીતાના કહેવાનો કોઈ અર્થ સમજી ન શકતી હોય એમ વિદુલા મીતાના કુમળા ચહેરાને તાકી રહી. થોડીવાર પછી વિદુલા પલંગ પર બેસીને બારી બહારનાં દશ્યો જોવા લાગી. બારી બહાર ઉનાળાનો તપતો બપોર. સડકને કિનારે ઊગી નીકળેલો લીમડો. પડી ગયેલા પવનને લીધે નમી ગયેલી લીમડાની લાંબી લાંબી ડાળ... ડાળ ઉપર ચાંચ ખૂલી રાખીને બેઠેલો કાગડો... વિદુલાને થયું–વરસાદમાં આ લીમડાનું રૂપ કેવું લાગતું હશે ?

'ફઈબા–'

વિદુલાએ ચમકીને અવાજની દિશા તરફ જોયું. મીતાના હાથમાં ઓશીકું હતું. એ આંખોને ગમી જાય એવી તૈયાર થઈને આવી હતી.

'ફઈબા, હવે તમે આરામ કરો. મારાં મામી બીમાર છે એટલે એમની ખબર પૂછવા જવાનું છે. બે કલાકમાં તો પાછી આવી જઈશ. હું આવીને તમારી ચા મૂકી દઈશ. તમે તકલીફ ન લેશો.' મીતાના કુમળા ચહેરા ઉપર સ્મિત આવી ગયું. પલંગ ઉપર ઓશીકું ગોઠવીને મીતાએ વિદુલા તરફ ભાવભરી નજરે જોયું. ત્યાં સડક પરથી કુલફી વેચનારનો મોટો અવાજ આવ્યો. વિદુલા અને મીતા બન્ને જણ ચમકી ગયાં. બારી બહાર જોવા લાગ્યાં. મીતા સ્વસ્થ બનીને વિચારવા લાગી. આમ કેમ બન્યું ? અજાણ્યા અવાજથી ચમકી કેમ જવાયું ? મીતા ત્યાંથી ખસી ગઈ. બારણાની બહાર નીકળતાં ફરી વાર એણે વિદુલા સામે આંખો ભરીને જોઈ લીધું.

સંજયના ઘરમાં વિદુલા એકલી પડી.

વિદુલાએ ઘરમાં આજુબાજુ જોયું. સ્વચ્છતા અને સુઘડતા ઊડીને આંખે વળગતાં હતાં. મીતાને લીધે હશે. આ બધું જોતાં વિદુલાનું મન ઠરતું હતું. સવારથી અહીં આવી છે ત્યારથી જાણે વરસો પછી કોઈક આઘાતમાંથી કળ વળતી હોય એવું

અનુભવાય છે તે આ મીતાને લીધે. સવારે અહીં આવીને ઊતરી ત્યારે બારણે હસીને આવકાર મીતાએ આપ્યો. એવી ખુશી-લહેર એના ચહેરા પર ફરી વળી કે જાણે કોઈ સ્વજનની એ રાહ જોતી હોય અને એ સામે... સંજય અને મીતાનાં લગ્ન થયે આઠેક માસ જ થયા હશે. સવારે ટ્રેનમાંથી વિદુલા ઊતરી હતી ત્યારે સવારના આછાં અજવાળામાં સંજયનું શહેર અજાણ્યું લાગતું હતું. પ્લૅટફૉર્મ પર પગ મૂકતાં જ વિદુલા સાવ અજાણી બની ગઈ. આમ તો એમના ભાઈ મહેન્દ્રને મળવા આવતી. સંજયનાં લગ્ન વખતે આવેલી. છેલ્લે મહેન્દ્રભાઈના અવસાન નિમિત્તે આવી હતી અને આજે અચાનક આ રીતે...

વિદુલાએ વિચારોમાં ખોવાઈ જતી જાતને રોકી. હવે આગળ વિચારવાની હિંમત થતી ન હતી. કારણ કે આગળ વિચારવા માટે પાછળ જોવું પડે એવું હતું. પાછળનું વીતી ગયેલું વિચારવું જ અસહ્ય હતું. પાછલી રાતના ભયાનક સ્વપ્ન કરતાં પણ ભયંકર... ડરામણું...

વિદુલાએ નક્કી કર્યું.

વર્તમાનને પકડી રાખ્યું.

ફક્ત સામે જોવાનું.

બારી બહાર–

વિદુલાએ અરવિંદનો ફોટો હાથમાં લીધો. બારી બહાર જોવા લાગી. બારી બહાર શૂન્યતા, અંદર કશુંક અનુભવાતું હતું. એ એની આંખો બોલતી હતી. મન સાંભળતું હતું. નિર્જનતા અકળાવતી હતી, દુ:સ્વપ્ન જેવું કશુંક યાદ આવીને રહી જતું હતું. ઉનાળાની સ્થિર થઈ ચૂકેલ બપોરની જેમ કશું આગળ વધી શકે એવું લાગતું ન હતું. સ્થગિત થઈ ચૂકેલો વર્તમાન આસપાસ ઘેરાતો જતો હતો. વિદુલાએ અકળાઈને બારી બહાર ફેલાયેલી નજરને અંદર વાળી. હાથમાં પડેલો અરવિંદનો ફોટો... વિદુલાને એવું લાગતું એની આ અસહાય સ્થિતિમાં આવીને અરવિદં અહીં ગોઠવાઈ ગયો છે. ફાટી આંખે વિદુલા અરવિંદના ગંભીર ચહેરાને જોવા લાગી...

આમ તો વિદુલાના બાપુજી અને અરવિંદના બાપુજી ખાસ મિત્રો હતા અને એ લોકોએ બન્નેનાં લગ્ન પણ નક્કી કરી લીધાં હતાં. અરવિંદને અમદાવાદની કૉલેજમાં નોકરી મળી પછી વિદુલાના બાપુજીએ લગ્ન માટે હા પાડી. લગ્ન પછી વિદુલા-અરવિંદનું જીવન આનંદથી વીત્યું. ત્યાં વિદુલાના બાપુજી બીમાર પડ્યા અને મૃત્યુ પામ્યા. સમય જતાં વિદુલાને ત્યાં બે પુત્રો થયા. નિવૃત્તિનો સમય નજીક આવતો ગયો તેમ તેમ અરવિંદ વિદુલાને કહેતો કે 'હું તદ્દન એકલો પડતો જાઉં છું.' વિદુલા અરવિંદની આ વાત સમજી શકતી ન હતી. એવું તે આ ઘરમાં શું નથી કે જેથી અરવિંદને આટલી એકલતા અનુભવવી પડે ? બે પુત્રો છે. કમાય છે. સારી નોકરી છે. મોટા દીકરાનું વેવિશાળ પણ થઈ ગયું છે. નજીકમાં લગ્ન છે. વિદુલા અરવિંદના ચહેરાને તાક્યા કરતી. મોટા દીકરાનાં લગ્ન પણ લેવાયાં. ત્યાં થોડા સમય પછી એ જુદો થયો. નાનો દીકરો પ્રેમ લગ્ન કરીને આશીર્વાદ લેવા આવ્યો. જે ક્ષણથી વિદુલા ડરતી હતી એ ક્ષણ અરવિંદના ચહેરા ઉપર છવાઈ ગઈ. એ દિવસે વિદુલાને અરવિંદના ચહેરા ઉપર જોયેલો વિજનતાનો ભાવ આજે પણ યાદ આવતાં ડરી જાય છે. નોકરીમાંથી નિવૃત્તિ મળી ગઈ હતી. અરવિંદની તબિયત પણ બગડી હતી. એક દિવસ સવારે ફરી આવીને અરવિંદ ખુરશી ખેંચીને છાપું વાંચવા બેઠો. ત્યાં વિદુલા અરવિંદને ચા આપવા જાય છે ત્યારે અરવિંદ ન હતો. વિદુલાએ ફાટી આંખે જોયું તો એની સામે, એને હંમેશને માટે છોડી ગયેલો અરવિંદ હતો. વિદુલાએ ચીસ પાડી. પણ કોઈ આસપાસ હોય તો મદદમાં આવે ને–

અરવિંદના મૃત્યુ પછીના દિવસો અરવિંદની સ્મૃતિઓ પાછળ ખેંચાતા ગયા. આધાર ગુમાવી દીધા પછી આધાર શોધવો મુશ્કેલ હતો. અરવિંદના મૃત્યુ પછી એના પુત્રોનું વર્તન પણ ન સમજી શકાય એવું બની ગયું હતું. બે પુત્રોના ઘરની વચ્ચે પોતાની જાત ગોઠવવી મુશ્કેલ બની ગઈ હતી. વિદુલા એમનાં વલણોને અનુકૂળ થવા મથતી. પણ વિદુલાને આ બધુ સમજાતું ન હતું. એ પુત્રોમાં લાગણી શોધતી રહી. પૌત્રનું પારણું જોવાની આકાંક્ષા જાગતી. મોડી રાતે સ્વપ્નમાં અરવિંદનો ગંભીર ચહેરો આવીને હસી જતો... દિવસો ખૂટતા ન હતા. પણ એક દિવસ વિદુલાને જે સમજાતું ન હતું એ એક જ ક્ષણમાં સમજાઈ ગયું. વિદુલા મંદિરથી આવીને ઘરમાં પ્રવેશ કરતી હતી ત્યાં પુત્રવધૂનો કર્કશ અવાજ એને કાને અથડાયો. 'અહીં ક્યાં સુધી આપણી જાન ઉપર રહેશે—આપણી પર્સનલ લાઈફ જેવું કાંઈ હોય નહીં ? દઈ દો એને ધક્કો મોટા ભાઈને ઘેર– એ લોકોની પણ કાંઈ ફરજ નથી ? વારેઘડી આપણે ત્યાં ધકેલી દે છે–'

વિદુલા ઉપર વીજળી પડી.

એ ક્ષણ રોકાઈ. અંદરથી ધૂંધવાઈ ઊઠી હતી. એણે નિર્ણય લઈ લીધા. ઘરમાં પ્રવેશતાં એણે પુત્ર અને પુત્રવધૂ તરફ જોયું. પોતાની જગા પાસે જઈને એણે પલંગ નીચેની પતરાની ટ્રંક કાઢી. વળગણી પર સૂકાતાં ભીનાં કપડાં પ્લાસ્ટિકની થેલીમાં ભરવા લાગી. ભીંત પર લટકતો અરવિંદનો ફોટો ટ્રંકમાં મૂક્યો. ટ્રંકને તાળું દઈ, ટ્રંક ઉપાડીને બહાર નીકળી ગઈ. વીજળીવેગે

ઘરમાંથી બહાર નીકળી ગયેલી માને જોતાં પુત્ર એની પાછળ દોડ્યો. વિદુલાને એ રોકી ન શક્યો. રિક્ષા રોકીને વિદુલા ગોઠવાઈ ગઈ હતી. પુત્ર હાંફતો હાંફતો નજીક આવ્યો. વિદુલાએ પોતાની જાત ઓગળી જતી અનુભવી. પુત્ર કદાચ એને રોકશે. ત્યાં એણે ખિસ્સામાંથી નોટો કાઢીને વિદુલાની મુઠ્ઠીમાં પકડાવી, 'મા, તને કામ લાગશે.' - સ્ટેશન પહોંચતાં સુધીમાં વિદુલા નિર્ણય ન લઈ શકી કે મુઠ્ઠી ખોલવી કે ન ખોલવી. સભાન થઈ ત્યારે એણે પોતાની જાતને સંજયના ઘર પાસે ઊભેલી જોઈ. સવારનો કૂણો તડકો સંજયના ઘર ઉપર પડતો હતો. મીતા ઝાડને પાણી પાઈ રહી હતી. વિદુલાને આંગણમાં ઊભેલી જોઈને મીતા ચમકી–'અરે ! ફઈબા તમે-અચાનક' મીતાએ વિદુલાને પ્રણામ કર્યા. 'કેમ છો, તું-મીતા ? સંજય કયાં છે ?'

મીતાએ પાણીની ઝારી નીચે મૂકી, પછી કહ્યું – 'એ તો બહારગામ ગયા છે. આજે આવવા જોઈએ.'

વિદુલા ક્ષણ મીતાના ચહેરાને તાકી રહી. સૂરજના પહેલા કિરણ જેવી તાઝગી મીતાના કુમળા ચહેરા ઉપર હતી. સંજયના ઘરનું બારણું જોતાં વિદુલાને મહેન્દ્રભાઈનો ચહેરો યાદ આવી ગયો. આંખો ભીની થતાં રોકાઈ ગઈ. થોડી વાર પછી સ્વસ્થ બનીને વિદુલાએ કહ્યું–'સંજય, સાંજ સુધીમાં તો આવી જશે ને ?'

બારીમાંથી આવતાં સાંજનાં આછાં અજવાળાં, સંજયના ઘરની ધૂંધળી નિર્જનતા વિદુલાની આંખો સામે આવી. સામેની દીવાલ ઉપર મહેન્દ્રભાઈની તસવીર... સંજયનું ઘર નહીં. ના આજે એ મહેન્દ્રભાઈને ઘેર આવી છે-બે પુત્રોને ત્યાંથી ધક્કા ખાઈને-સંજય તો ભત્રીજો–

કેમ કોઈ અવાજ નથી આવતો ?

ડેલી ખૂલવાનો અવાજ નજીકથી સંભળાયો. કોઈક ઉતાવળે પગલે નજીક આવી રહ્યું હતું. સંજય હશે ?

–તો પાછળ મીતા પણ હશે જ.

'અરે ! ફઈબા તમે ! કેમ આમ અચાનક ! જાણ કરી હોત તો સ્ટેશન લેવા આવત, તમને કોઈ તકલીફ તો નથી પડીને–' 'હાફતો સંજય એક શ્વાસમાં કેટલું બધું બોલી ગયો.

વિદુલા સંજયની ભાવ નીતરતી આંખો જોઈ રહી. તાજા જન્મેલા સંજયની આંખો વિદુલાને સ્મૃતિમાં આવી ગઈ. આવી જ નિર્દોષ અને ભાવુક આંખો....

સંજય નજીક આવીને વિદુલાની બાજુમાં પલંગની કોર ઉપર બેસી ગયો.

વિદુલાની આંખો હજુ પણ સંજયના ચહેરાને તાકી રહી હતી. એને એવું લાગી રહ્યું હતું કે ભત્રીજો નહીં પણ એનો ભાઈ બાજુમાં આવીને બેસી ગયો છે...

'ફઈબા, કંઈક બોલો તો ખરાં-આમ ઢીલાં કેમ પડી ગયાં છો ? કંઈક તો બોલો.' સંજયના અવાજમાં કંપ આવી ગયો.

